પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૮૩, કુલ પાના:૪, તારીખ: ૨૯-૦૩-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 183 PRICE :-RS. 1.50 DATE : 29-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મહારાષ્ટ્રમાં ૧૫ એપ્રિલ સુધી રાત્રિ કર્ફ્યુ, લગ્નોમાં ૫૦ લોકો અને અંતિમ સંસ્કારમાં ૨૦ લોકોને મંજૂરી

# કોરોના કહેર, દેશમાં નવા ૬૨,૬૩૨ નવા કેસ નોંધાયા, મધ્યપ્રદેશના ૧૨ શહેરોમાં સન્ડે લોકડાઉન



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેર ચિંતાનું કારણ બની રહી છે. દરરોજ આવતા કેસોની સંખ્યા હવે ૬૦ હજારને પાર પહોંચી ગઈ છે. ગત દિવસે દેશમાં ૬૨,૬૩૨ નવા કેસ નોંધાયા હતા. આ છેલ્લા ૧૬૪ દિવસમાં સૌથી વધુ છે. આ અગાઉ ગયા વર્ષે ૧૫ ઓક્ટોબરે ૬૩,૪૪૧ કેસ નોંધાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨૮,૭૨૮ લોકો સાજા થયા અને આ વર્ષે પ્રથમ વખત ૩૧૧ લોકો મૃત્યુ પામ્યા. જ્યારે, કોરોનાના વધતા જતા કેસો વચ્ચે મધ્યપ્રદેશના ૧૨ શહેરોમાં રવિવારે લોકડાઉન છે. જેમાં ભોપાલ, ઈન્દોર, જબલપુર ઉપરાંત બેતુલ, છિંદવાડા, રતલામ અને ખારગોન સામેલ છે. જ્યારે, વિદિશા, ઉજ્જૈન, છીંદવાડા જિલ્લાના સોસર, નરસિંહપુર સાથે ગ્વાલિયરમાં પણ લોકડાઉન છે. શનિવારે રાત્રે ૧૦ વાગ્યાથી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી ૩૨ કલાકનું લોકડાઉન રહેશે. દેશમાં અત્યાર સુધીમાં ૧.૧૯ કરોડ લોકો આ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી લગભગ ૧.૧૩ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે. ૧,૬૧ લાખ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલમાં ૪.૮૩ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

કોરોના કેસનો આંકડો ૬૨ હજારે પહોંચી ગયો છે. મહારાષ્ટ્ર, પંજાબ, છત્તીસગઢ, કર્ણાટક, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમણમાં ભારે વધારો થઈ રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કુલ કોરોના કેસના ૭૯.૫૭ ટકા કેસ આ રાજ્યોમાંથી જ નોંધાયા છે. સ્થિતિ ખૂબ જ ગંભીર બની રહી હોવાથી અનેક રાજ્યોએ આકરા પગલા ભરવાનું શરૂ કરી દીધું છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા હોવાથી ઉદ્ધવ સરકારે મિની લોકડાઉન લાગુ કર્યું છે. સરકારે પ્રદેશમાં આજથી એટલે કે, રવિવારથી ૧૫ એપ્રિલ સુધી રાતે ૮:૦૦ વાગ્યાથી સવારના ૭:૦૦ વાગ્યા સુધી કર્ફ્યુની જાહેરાત કરી છે. આ સમયગાળા દરમિયાન મોલ, બાર, રેસ્ટોરા, મલ્ટીપ્લેક્સ, ઉદ્યાન-પાર્ક, સિંગલ સ્ક્રીન થિયેટર્સ, દરિયા કિનારા અને સાર્વજનિક સ્થળો સંપૂર્ણપણે બંધ રહેશે. શનિવારે આ મામલે દિશા-નિર્દેશ જાહેર કરવામાં આવ્યા હતા.

લગ્નોમાં ૫૦ લોકો અને અંતિમ સંસ્કારમાં ૨૦ લોકોને સામેલ થવાની મંજૂરી આપવામાં આવી છે પરંતુ તેનાથી વધારે લોકો ભેગા થશે તો કાર્યવાહી કરવામાં આવશે. કોરોનાના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે મધ્ય પ્રદેશના ૧૧ જિલ્લાના ૧૨ શહેરોમાં આગામી આદેશ ન મળે ત્યાં સુધી દરેક રવિવારે લોકડાઉન રહેશે. આ લોકડાઉન શનિવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સોમવારે સવારે ૬:૦૦ વાગ્યા સુધી પ્રભાવી રહેશે. તહેવારો પહેલા ગોવા સરકારે રાજ્યમાં કલમ ૧૪૪ લગાવી દીધી છે. આ નિર્ણય હોળી, શબ-એ-બારાત, ઈસ્ટર અને ઈદને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. ઉત્તર ગોવાના જિલ્લા મેજિસ્ટ્રેટ અજિત રોયે જણાવ્યું હતું કે આવતા તહેવારોની ઉજવણી માટેના સમારોહ કે મેળાવડાના આયોજન બંધ રહેશે.

# અમદાવાદમાં ધૂળેટી રમ્યા તો ગટર-પાણી કનેક્શન થઈ જશે કટ



અમદાવાદ,

અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાના વધતા સંક્રમણ અને કેસોમાં નોંધાયેલા જેરદાર ઉછાળાના કારણે છસ્ઞએ વધુ એક મોટો નિર્ણય લઈને હોળી-ધૂળેટીના તહેવારને લઈને અનેક પ્રતિબંધો મૂક્યા છે. આજે હોળી અને ધુળેટીને લઈને અમદાવાદ મનપા એક્શનમાં આવી ગઈ છે અને શહેરમાં તહેવારોને લઈને એક નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં હોળી-ધૂળેટીના તહેવારોમાં ક્લબ, સ્વિમિંગ પુલ, પાર્ટી પ્લોટ બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. સમાજની વાડીઓમાં થતી ધૂળેટીની ઉજવણી પણ બંધ રાખવા આદેશ કરાયો છે. એટલું જ નહીં, તહેવારોમાં મંદિરો, હવેલીમાં થતી ઉજવણી પણ બંધ રાખવા આદેશ કર્યો છે. કોઈ પણ વ્યક્તિ જાહેર રસ્તાઓ પર ધુળેટી રમી શકશે નહીં. કારણ કે અમદાવાદ મનપા દ્વારા જાહેર રસ્તાઓ પર ધુળેટીની ઉજવણી પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. અમદાવાદ કોર્પોરેશનની ૨૦૦થી વધુ ટીમો શહેરના રસ્તાઓ પર વોચ રાખશે અને કોઈ પણ વ્યક્તિ નિયમ ભંગ કરશે તો તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ડાયરેક્ટર હર્ષદ સોલંકીએ આજે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં હર્ષદ સોલંકીએ આજે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ધુળેટી રમવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. શહેરની મોટી સોસાયટીઓમાં લોકો હોળી રમતાં પકડાશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. મનપાની ટીમ દ્વારા કડક કાર્યવાહી કરતાં તેમની ગટર તેમજ પાણીના કનેકશન કાપી નાખવા સુધીની કાર્યવાહી પણ કરવામાં આવશે, તેવું નિવેદન આપ્યું હતું.

રાજયમાં તમામ કલબો સદંતર બંધ રહેશે. મોટી સોસાયટીઓ તેમજ બંગલાઓમાં ટોળે વળી પાણી કે કલરથી હોળી રમીને કરાતી ઉજવણી બંધ રાખવાની રહેશે. તમામ સરકારી તેમજ પ્રાઈવેટ સ્વીમિંગ પૂલ બંધ રહેશે. સમાજની વાડીમાં કરવામાં આલતાં ઉજવણીના કાર્યક્રમો બંધ રહેશે. તમામ પાર્ટી પ્લોટોમાં ઉજવણી બંધ રહેશે. મોટા મંદિરો/હવેલીમાં ફુલ-કલરથી હોળી રમવાના ઉત્સવો બંધ રાખવાના રહેશે. જાહેર રસ્તાઓ ઉપર હોળી રમી શકાશે નહીં. તેમજ જાહેર રસ્તા પર ટોળે વળીને પૈસા ઉઘરાવાની પ્રવૃત્તિ કરી શકાશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં હોળી પ્રગટાવવાની અને દર્શન કરવા માટે સરકાર અનુમતિ આપી છે પરંતુ નાગરિકો ધુળેટીની ઉજવણી કરી શકશે નહીં. એટલું જ નહીં પણ અત્યાર સુધી જે નિયમો લાગુ કરવામાં આવ્યા છે તે નિયમોનો કડક રીતે અમલ કરવાની સૂચના પણ આપવામાં આવી છે. ગુજરાતમાં હોળી-ધૂળેટીના તહેવારોમાં પોલીસ પ્રશાસનને સૂચના આપીને નિયમનું કડકાઈથી પાલન કરવામાં આવશે.

# સુરતીમાં લાગ્યા પોસ્ટર, 'ધનિકોને માફી અને પ્રજાને દંડ, આ છે ગુજરાત મોડલ...'




સુરત,

ચૂંટણી રેલીઓ અને સભાઓને કારણે કોરોનાના કેસો વધ્યા છે એવું સુરતીઓએ સરકારને ચોખ્ખેચોખ્ખા શબ્દોમાં સંભળાવી દીધું. સુરતમાં ઠેરઠેર કોરોનાને લઈને પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેમાં સરકાર પર કોરોનાના કેસ વધારવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સુરતીઓએ પોસ્ટરના માધ્યમથી કટાક્ષમાં કહ્યું છે કે, કોરોનાના કેસ વધારવામાં નંબર વન રહેગા સુરત.

સુરતના રાંદેર વિસ્તારમાં કોરોનાને લઈને પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેમાં લખાણ લખાયું છે કે, કોરોના કેસમાં વધારો કરવામાં નંબર ૧ બનેગા સુરત. સાથે જ પોસ્ટર પર લખાયું છે કે, ચૂંટણીઓમાં જાહેર સભાઓ અને રેલીઓ કરવા બદલ આભાર. 'ધનિકોને માફી અને પ્રજાને દંડ, આ છે ગુજરાત મોડલ...' એવા સૂત્રો લખવામાં આવ્યા છે. આમ, પોસ્ટર પર આક્રોશભર્યા શબ્દો લખવામાં આવ્યા છે. સુરતીઓ દ્વારા આ રીતે લખાણ લખી આક્રોશ વ્યકત કરવામાં આવ્યો. પ્રજા પોકારે ત્રાહિમામ પરિવાર ચલાવવા કરવા દો કામ જેવા સૂત્રો લખી આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમજ નેતાઓને ગોળ અને પ્રજાનો ખોળ કેમ જેવા સવાલો પૂછવામાં આવ્યા છે. જોકે, કોણે આ પોસ્ટર લગાવ્યા તે અંગે કોઈ પુષ્ટી થઈ નથી, પરંતુ પોસ્ટરે હાલ શહેરમાં ચર્ચા જગાવી છે.

# ૧ લી એપ્રિલથી મોંઘવારીમાં ભડકાનાં એંધાણ




ન્યુ દિલ્હી,

પહેલા જ દેશવાસીઓ પેટ્રોલ, ડીઝલની મોંઘવારીનો માર ઝેલી રહ્યા છે. દેશવાસીઓ સતત વધી રહેલા પેટ્રોલ, ડીઝલની કિંમતોથી પરેશાન હતા. તો હવે લોકોને બજારમાં મોંઘવારીનો માર પડવાનો છે. બજારમાં કેટલાક ઈલેક્ટ્રિક ઉપકરણો મોંઘા થવા જઈ રહ્યા છે. તો તમે ૩૧ માર્ચ પહેલા મોંઘા થવા જઈ રહેલા ઉપકરણો ખરીદવા માંગતા હો તો ખરીદી લો. ચાલો તો જોઈએ કે કયા ઈલેક્ટ્રિક ઉપકરણ મોંઘા થઈ રહ્યા છે અને તેનું કારણ શું છે.

ઉનાળો આવતા જ એરકન્ડિશન, કૂલર અને પંખાઓની માંગણી વધી જાય છે. જો તમે પણ આ બધી વસ્તુઓ ખરીદવાનો પ્લાન કરી રહ્યા છો તો તાત્કાલિક ખરીદી કરી લો. કેમ કે ૧ એપ્રિલથી આ બધી જરૂરી વસ્તુઓના ભાવમાં ઘણો વધારો થવાનો છે. ઉલ્લેખનીય છે કે બજારથી જે રીતે ખબરો સામે આવી રહી છે તેનાથી લગભગ નક્કી છે કે આગામી મહિનાની શરૂઆત સાથે જ મોંઘવારી હજુ વધી જશે. જો તમે છઝ ખરીદવાનો પ્લાન કરી રહ્યા છો તો તાત્કાલિક ખરીદી લો કેમ કે ACની કિંમતના ૨૦૦૦ સુધીની કિંમત વધી શકે છે.

નોંધનીય છે કે ખર્ચ વધવાના કારણે કિંમતમાં ૪થી ૬ ટકાનો વધારો થઈ શકે છે. વીજળી ઉપકરણ બનાવનારી કંપનીઓ સતત ખર્ચ વધવાનો દાવો કરી રહી છે. પોલિમર્સ, કોપર, સ્ટીલ, પેકેજિંગ, મટીરિયલ્સના ભાવોમાં ભારે ઉછાળાથી ઉત્પાદન ખર્ચ વધ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી કોપરની કિંમત રેકોર્ડ ઊંચાઈ જોવા મળી છે. આ બધા ઉપકરણોથી વીજળીના ઘરેલુ ઉપકરણ મોંઘા થવા જઈ રહ્યા છે. એ સિવાય કુલરની કિંમતમાં પણ ૧૦૦૦ રૂપિયાની તેજી આવી શકે છે.

માત્ર એર કન્ડિશન પર જ મોંઘવારીનો માર પડશે. સામાન્ય રીતે દરેક ઘરમાં ઉપયોગમાં આવનારા પંખા પણ મોંઘા થવાના છે. તાંબું મોંઘું થવાના કારણે પંખાનો ખર્ચ પણ વધી ગયો છે, જેના કારણે હવે વેપારીઓ પંખાના ભાવ પણ વધારી શકે છે. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીના કારણે છવાયેલી મંદીના કારણે કિંમતોમાં ઉછાળ આવ્યો છે. આર્થિક પરેશાનીઓના કારણે લોકોએ સામાન ખરીદ્યા નથી, એ કારણે વેપારીઓને ઘણું નુકસાન થયું હતું. હવે બજારમાં જેમ જેમ તેજી આવી રહી છે તો આશા છે કે બજાર પર પણ તેની અસર પડશે.

# રાજ્યો વેક્સીનનો ભરપૂર ઉપયોગ કરે, સરકારે ૩૫૦૦૦ કરોડ ફાળવ્યા છે: ડો.હર્ષવર્ધન




ન્યુ દિલ્હી,

દેશભરમાં કોરોનાના વધી રહેલા કેસથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની ચિંતા વધી રહી છે. એક તરફ કોરોનાની રસી આપવાનુ અભિયાન ચાલી રહ્યુ છે તો બીજી તરફ કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે.

આ મામલામાં કેન્દ્રીય મંત્રી હર્ષ વર્ધને એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે, કોરોના તો જવા માંગતો હતો પણ આપણે કોરોના સાથે પ્રેમ કરી બેઠા છે.કોરોનાની બીજી લહેર જે આપણે જોઈ રહ્યા છે તે બેદરકારીના કારણે છે. લોકો કોરોનાને લઈને બેફીકર થઈ રહ્યા છે.કોરોનાની ગાઈડલાઈનને ફોલો કરી રહ્યા નથી અને સોશિયલ ગેધરીંગ વધી રહ્યુ છે.જેના કારણે કોરોનાનુ સંક્રમણ પણ વધતુ નજરે પડી રહ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે, માસ્ક પહેરવાની અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાની ગાઈડલાઈનનુ લોકો પાલન કરી રહ્યા નથી.હું જવાબદારીથી કહેવા માંગુ છું કે, કેન્દ્ર સરકારે તમામ રાજ્યો સાથે મળીને કોરોનાની લડાઈ બહુ પ્રામાણિકતાથી લડી છે અને આ મામલે કોઈ ભેદભાવ કરવામાં આવ્યો નથી.દેશનુ કોઈ રાજ્ય કહી શકે તેમ નથી કે તેને વેક્સીન મળી નથી. આગળ પણ દરેક રાજ્યની ક્ષમતા પ્રમાણે વેક્સીનનો સપ્લાય ચાલુ રાખવામાં આવશે.રાજ્યો તેનો પૂરેપૂરો ઉપયોગ કરે.આ બજેટમાં ૩૫૦૦૦ કરોડ રુપિયા વેક્સીન માટે અનામત રખાયા છે.

# મહારાષ્ટ્ર સરકારમાં ભૂકંપ, ગૃહમંત્રી મુદ્દે રાઉત-પવાર આમને સામને



મુંબઈ,

શિવસેનાના મુખપત્ર 'સામના'માં છપાયેલા સંપાદકીય બાદ મહારાષ્ટ્ર સરકારના ગઠબંધનમાં ભૂકંપ આવી ગયો છે. 'સામના'માં આ લેખ શિવસેના સાંસદ સંજય રાઉતે લખ્યો છે, જેમાં તેમણે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ પર પ્રશ્ન ઉપસ્થિત કરતા કહ્યું છે કે, મુંબઈ પોલીસ કમિશનર ઑફિસમાં બેસીને સચિન વઝે વસૂલી કરતા રહ્યા અને ગૃહમંત્રીને આ વિશે જાણકારી નહીં હોય? આ ઉપરાંત સંજય રાઉતે લખ્યું કે, 'અનિલ દેશમુખને ગૃહમંત્રી પદ અકસ્માતે મળી ગયું. જયંત પાટિલ, દિલીપ વલસે પાટિલે ગૃહમંત્રીનું પદ સ્વીકાર કરવાથી ના કહી દીધી હતી, ત્યારે આ પદ શરદ પવારે અનિલ દેશમુખને સોંપ્યું હતુ. આ પદની એક ગરિમા અને ઈજ્જત છે.'' સંજય રાઉતના આ નિવેદન બાદ મહારાષ્ટ્રના ઉપ મુખ્યમંત્રી અજિત પવારે સખ્ત વાંધો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે, 'એનસીપીમાંથી કોને કયું પદ મળશે એ શરદ પવાર નક્કી કરે છે. કોઈ બીજાને આના પર પ્રશ્ન ઉપસ્થિત કરવાનો કોઈ અધિકાર નથી. ખાસ કરીને મહાવિકાસ અઘાડી ગઠબંધનના લોકોને. આ પ્રકારના નિવેદન ના આપવા જોઈએ. આ પ્રકારના નિવેદન આપવા યોગ્ય નથી. આ પ્રકારના નિવેદન ગઠબંધનમાં સમસ્યા પેદા કરશે.' ઉલ્લેખનીય છે કે સંજય રાઉતે આ લેખમાં લખ્યું છે કે, 'મહારાષ્ટ્રમાં વિપક્ષને ઉદ્ધવ ઠાકરે સરકાર પાડવાની ઉતાવળ છે. આ કારણે ફાટેલા ફુગ્ગામાં હવા ભરવાનું કામ કરી રહી છે. આવા આરોપોના કારણે સરકાર પડવા લાગે તો કેન્દ્રની મોદી સરકારે પહેલા જવું પડશે.' સંજય રાઉતના આ સંપાદકીય પર કોંગ્રેસનું પણ નિવેદન આવી ગયું છે, કોંગ્રેસ નેતા સંજય નિરુપમે કહ્યું છે કે, 'શિવસેનાએ મહારાષ્ટ્રના ગૃહમંત્રીની ચાલ-ચલગત પર શક વ્યક્ત કર્યો છે.'


તેમણે કહ્યું કે, 'રાષ્ટ્રવાદી કોંગ્રેસના ચીફ કહી ચુક્યા છે કે ગૃહમંત્રીના ભવિષ્યનો નિર્ણય મુખ્યમંત્રી કરે. મુખ્યમંત્રી શિવસેનાના છે અને મૌન સાધી રહ્યા છે. પછી એક્શન લેવાથી મુખ્યમંત્રીને કોણે રોકી રાખ્યા છે?'

# મુંબઈ-દિલ્હી રાજધાનીમાં LHBના કોચ જોડાશે

મુંબઈ,

મુંબઈ દિલ્હી વચ્ચે પશ્ચિમ અને મધ્ય રેલવેમાંથી રાજધાની એક્સપ્રેસ દોડાવાય છે, પરંતુ પશ્ચિમ રેલવેના કોરિડોરમાં દોડાવાતી રાજધાની એક્સપ્રેસના કોચ જૂના થવાથી તેમાં આધુનિક પ્રકારના એલએચબી (લિંક હોફમેન બુશ) સહિત તેજસ એક્સપ્રેસના કોચ લગાવવામાં આવશે, તેથી ટ્રેનના પ્રવાસીઓની મુસાફરી વધારે આરામદાયક બનશે, એમ સત્તાવાર જણાવ્યું હતું. એક મહિના પહેલા અગરતલા-આનંદ વિહાર ટર્મિનલ વચ્ચે સ્પેશિયલ રાજધાની એક્સપ્રેસમાં સૌથી પહેલા તેજસનો સ્લીપર કોચ જોડવામાં આવ્યો હતો, ત્યારબાદ આ ટ્રેનમાં થ્રી ટાયર એસી, સેકન્ડ એસી અને ફર્સ્ટ એસી માટે કોચ રાખવામાં આવ્યા હતા. આ કોચ અત્યારે મુંબઈ સેન્ટ્રલમાં પહોંચ્યો છે તથા તેને રાયબરેલીના મોડર્ન કોચ ફેકટરી (એમસીએફ)માં બનાવવામાં આવ્યો છે. તેજસ એક્સપ્રેસના અન્ય કોચની માફક આ ટ્રેનના તમામ કોચ ઓટોમેટિક ડોર તથા તેનું ગાર્ડની પાસે નિયંત્રણ હશે, જ્યાં સુધી કોચ બંધ થશે નહીં ત્યાં સુધી દરવાજો પણ બંધ થશે નહીં. ટ્રેનમાં અલગ અલગ સુવિધા પૈકી બાયો વેક્યુમ ટોઈલેટ સિસ્ટમ બેસાડી છે, જેનો ફક્ત ફલાઈટમાં ઉપયોગ કરવામાં આવે છે. ટ્રેનના કોચ આરામદાયક તથા ટ્રાવેલિંગની ગુણવત્તા સુધારવા માટે કોચમાં એર સ્પ્રિંગ સસ્પેન્શન આપ્યું છે. તમામ કોચ ઓટોમેટિક ફાયર એલાર્મ અને ડિટેક્શન સિસ્ટમથી સજ્જ છે, જેમાં કોચમાં કોઈ ધુમાડો યા આગ લાગે તો સેન્સરથી ધુમાડો નીકળશે તથા બ્રેક પણ ઓટોમેટિક લાગશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# એક જ દિવસમાં ૧૦૯ દર્દીઓ સિવિલમાં થયા દાખલ, ૫૦ ટકાથી વધુ ઓકસીજન પર!



અમદાવાદ,

રાજ્યમાં જીવલેણ કોરોના વાયરસનો કહેર વધ્યો છે. ગુજરાતના અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી ચોંકાવનારા આંકડાઓ સામે આવી રહ્યા છે, આ વચ્ચે અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો બ્લાસ્ટ થયો છે. ધુળેટીના તહેવારના દિવસે દિવાળીવાળી થઈ છે. ગઈકાલે એક જ દિવસે ૧૦૯ દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા. સિવિલમાં કોરોનાના કારણે ક્રિટીકલ કન્ડિશન વાળા દર્દીઓ વધુ સંખ્યામાં આવી રહ્યા છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ૪૦૧ કોરોનાના દર્દીઓ દાખલ છે.

જે બે દિવસ અગાઉ ૨૩૬ હતા. સિવિલમાં દાખલ દર્દીઓમાં ૫૦થી ૬૦ ટકા દર્દીઓ ઓક્સિજન પર છે. ત્યારે તહેવાર ટાણે કોરોનાના કેસ વધતા સિવિલના વહીવટી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

# ભારતમાં ૫૦ ટકા લોકો માસ્ક પહેરતા નથી, સ્વાસ્થ્ય મંત્રાલયનો દાવો



દેશમાં કોરોનાના સંક્રમણે હાહાકાર મચાવ્યો છે અને કોરોનાના દર્દીઓની સંખ્યામાં કુદકે ને ભુસકે વધારો થઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારના સ્વાસ્થય મંત્રાલયનુ કહેવુ છે કે, દેશમાં ૫૦ ટકા લોકો હજી પણ માસ્ક પહેરતા નથી.

આ અંગે કરાવાયેલા સર્વેમાં જાણવા મળ્યુ હતુ કે, ૯૦ ટકા લોકોને ખબર છે કે, માસ્કનુ મહત્વ શું છે પણ તેમાંથી ૪૪ ટકા લોકો જ માસ્ક પહેરી રહ્યા છે.મંત્રાલયનુ કહેવુ છે કે, મોટાભાગના લોકો કોરોનાથી બચવા માટે જે ગાઈડલાઈન બનાવાઈ છે તેનુ પાલન કરી રહ્યા નથી.જેમાં માસ્ક પહેરવાની અને ભીડભાડથી બચવાની વાત સામેલ છે.

દરમિયાન કેન્દ્રના આરોગ્ય સચિવની અધ્યક્ષતા હેઠળ દેશના ૧૨ રાજ્યોના અધિકારીઓની બેઠક બોલાવાઈ હતી.જેમાં સૌથઈ વધારે કોરોના પ્રભાવિત ૪૬ જિલ્લાના કલેકટરો પણ હાજર રહ્યા હતા.આ બેઠકમાં ગુજરાતના અધિકારીઓ પણ ભાગ લેવા માટે ગયા હતા.આ ૧૨ રાજ્યોને આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે કોરોનાની ગાઈડલાઈનનો સખ્તાઈથી અમલ કરાવવા માટે આદેશ આપ્યો છે.

એ પછી સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યુ હતુ કે, જો યોગ્ય રીતે કોરોનાથી સંક્રમિત થયેલા વ્યકિતઓને બીજાના સંપર્કમાં આવતા રોકી ના શકાય તો એક વ્યક્તિ ૩૦ દિવસમાં ૪૦૬ લોકોને સંક્રમિત કરી શકે છે .જો સંક્રમિત થયેલા વ્યક્તિને બીજાના સંપર્કમાં આવતા રોકી શકાય તો આ આંકડો ઘટીને ૧૫ થઈ શકે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં પાંચ ખાનગી હોસ્પિટલોને કોવિડ-૧૯ની સારવાર માટે સરકારની ગાઇડલાઇન મુજબ શરતોને આધીન મંજૂરી

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

હાલ રાષ્ટ્ર-રાજય અને જિલ્લામાં કોવિડ-૧૯નો વ્યામપ વધતો જાય છે. આ રોગના મુખ્યન લક્ષણો શ્વસનતંત્ર અને ઈન્ફેકશનને લગતા હોઈ આ રોગનો ઝડપી ફેલાવો થાય છે. આથી કોવિડ-૧૯ના દર્દીઓને સારવાર આપી શકે તેવી સરકારી અથવા ખાનગી હોસ્પિટલો ડેજીગ્નેટેડ કરવી જરૂરી હોઈ મહીસાગર જિલ્લામાં ખાનગી તબીબ દ્વારા સરકારની ગાઇડલાઇન મુજબ દર્દીઓને સારવાર આપવાની શરતે કોવિડ-૧૯ને દર્દીઓને સારવાર આપવા મંજૂરી માંગવામાં આવતાં મહીસાગર જિલ્લાગની પાંચ(૫) હોસ્પિઇટલને તા.૨૬મી માર્ચથી એક માસ સુધી સરકારની ગાઈડલાઈન મુજબ કેટલીક શરતોને આધીન કોવિડ-૧૯ હોસ્પિલટલ ડેજીગ્નેટેડ તરીકે મંજૂરી આપતો હુકમ બહાર પાડીને મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં જે પાંચ હોસ્પિલટલોને મંજૂરી આપવામાં આવી છે તેમાં લુણાવાડાની લીલાવતી હોસ્પિટલને-૨૦ પથારીની, શ્રધ્ધાન હોસ્પિજટલને-૦૫ પથારીની, બાલાસિનોરની સર્વોદય હોસ્પિડટલને-૨૦ પથારીની, સંતરામપુરની દેવસત્યલ હોસ્પિટલ એન્ડ આઇ.સી.યુ.ને-૦૫ પથારીની અને લુણાવાડાની ભાવસાર હોસ્પીટલ એન્ડી હાર્ટકેર સેન્ટરરને-૦૬ પથારીની મંજૂરી આપવામાં આવી છે.

આ હોસ્પિટલમાં ખાનગી હોસ્પિટટલ દ્વારા દર્દીઓને સ્વખર્ચે આપવામાં આવતી કોવિડની સારવાર માટે વોર્ડના એક દિવસનો ચાર્જ આઇ.સી.યુ. ફેસીલીટી સિવાયના રૂા.૫૭૦૦/-નો નિયત કરવામાં આવ્યો છે તેનાથી વધુ કોઇ ચાર્જ લઇ શકાશે નહીં. આ હોસ્પિરટલોએ સરકારના તા. ૨૮-૭-૨૦૨૦ના ઠરાવમાં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

આ મંજૂર કરવામાં આવેલ હોસ્પિટલોએ આ યોજના અંતર્ગત માં વાત્સલય યોજનાના લાભાર્થી દર્દી તરીકે સારવાર મેળવશે તો તેને આ હુકમથી નિયત થયેલ દરો નહીં પરંતુ માં વાત્સલય યોજનાથી નિયત થયેલ દરો લાગુ કરવાના રહેશે. આ નિયત કરવામાં આવેલ સારવાર પેટેના દરથી વધુ ચાર્જ કોઇ સંજોગોમાં લઇ શકાશે નહીં. જયારે કોવિડ-૧૯ માટેની ભારત અને ગુજરાત સરકારની વખતોવખતની ગાઇડલાઇન મુજબની તમામ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાની રહેશે અને દર્દીઓને પૂરી પાડવાની રહેશે. આ ઉપરાંત હોસ્પિટલની બહાર આ નિયત કરવામાં આવેલ દર સારવાર માટે આવનાર દર્દી જોઇ શકે અને વાંચી શકે તે રીતે દર્શાવવાના રહેશે.

# મધવાસ દરવાજા વિસ્તારમાં લુણાવાડાના પ્રાંત અધિકારીએ અગ્રણીઓ સાથે અવેરનેસ વોક યોજી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લા આરોગ્ય તંત્ર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લો વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ રસીકરણને વેગવાન બનાવવા તેમજ લોકો સ્વયં પ્રેરિત થાય અને આસપાસના લોકોને જાગૃત કરી વધુમાં વેક્સિનેશન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જેના ભાગરૂપે લુણાવાડાના પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા અને આરોગ્ય વિભાગના તબીબોની ટીમ દ્વારા જુમ્મા મસ્જિદ ખાતે મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને પાલિકા સભ્યો સાથે મુલાકાત કરી જનજાગૃતિ વોક યોજી હતી.

પ્રાંત અધિકારી મોડિયાની સાથે તબીબોની ટીમ ડો.દત્તુ રાવલ, ડો.કોમલ પ્રજાપતિ, ડો. આકાંક્ષા ચાવડા, પાલિકા સભ્યો સમાજના અગ્રણીઓ જોડાયા હતા અને લોકો સાથે સંવાદ કર્યો હતો. તેમની સાથે મધવાસ દરવાજા વિસ્તારમાં શેરી મીટીંગ કરી તેમનામાં રહેલી ગેરસમજ દૂર કરી કોરોનાથી રક્ષણ માટે કોરોના વેક્સિનેશન માટે સમજાવવામાં આવ્યાં હતા. આ દરમિયાન તેમના વિસ્તારમાં આગામી બુધવારે વિશેષ આયોજનના ભાગરૂપે વેક્સિનેશન માટે આવનાર આરોગ્ય ટીમને સહકાર આપી કોઈ પણ ડર કે મૂંઝાયા વગર વધુને વધુ સંખ્યામાં કોરોનાની રસી મૂકાવી તેનું સુરક્ષા કવચ ગ્રહણ કરવા અપીલ કરી હતી.

# ૧ એપ્રિલથી શરતોને આધીન અમરનાથના શ્રદ્ધાળુઓ થશે રજિસ્ટ્રેશન




શ્રીનગર,
બાબા અમરનાથના ભક્તો માટે આનંદના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. દર્શન માટે રજિસ્ટ્રેશન ૧ એપ્રિલથી શરૂ કરવામાં આવશે જો કે આ માટે કેટલાક નિયમોનું પાલન કરવું અનિવાર્ય રહેશે.શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (એસએએસબી)ના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) નીતીશ્વર કુમારે જણાવ્યું, બંને માર્ગો માટે રજિસ્ટ્રેશન સમગ્ર દેશમાં ૪૪૬ નિર્દિષ્ટ બેંક શાખાઓના માધ્યમથી ૧ એપ્રિલથી શરુ થશે, જેમાં પંજાબ નેશનલ બેંક (૩૧૬), જમ્મુ કાશ્મીર બેંક (૯૦) અને યસ બેંક (૪૦)ની શાખા સામેલ છે. તેઓએ કહ્યું, રજિસ્ટ્રેશન માટે પ્રક્રિયા વિશેનું વિવરણ અરજી પત્ર અને બેંકની શાખાઓની રાજ્ય મુજબની યાદી સરનામા સાથે બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ છે,આ ગુફા મંદિર ૩,૮૮૦ મીટરની ઊંચાઈ પર સ્થિત છે, જેના માટે ૫૬ દિવસીય યાત્રા પહલગામ અને બાલટાલ માર્ગોથી ૨૮ જૂને શરૂ થશે અને ૨૨ ઓગસ્ટે સમાપ્ત થશે. આ મહિનાની શરૂઆતમાં આયોજિત એક બેઠકમાં અધિકારીઓએ કહ્યું હતું કે તમામ કોવિડ-૧૯ પ્રોટોકોલ લાગુ છે અને સરકાર દ્વારા જાહેર માપદંડોનું સંચાલન પ્રક્રિયામાં પાલન કરવામાં આવશે.

શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (એસએએસબી)ના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) નીતીશ્વર કુમારે જણાવ્યું, બંને માર્ગો માટે રજિસ્ટ્રેશન સમગ્ર દેશમાં ૪૪૬ નિર્દિષ્ટ બેંક શાખાઓના માધ્યમથી ૧ એપ્રિલથી શરુ થશે, જેમાં પંજાબ નેશનલ બેંક (૩૧૬), જમ્મુ કાશ્મીર બેંક (૯૦) અને યસ બેંક (૪૦)ની શાખા સામેલ છે. તેઓએ કહ્યું કે રજિસ્ત્રેશન માટે પ્રક્રિયા વિશેનું વિવરણ અરજી પત્ર અને બેંકની શાખાઓની રાજ્ય મુજબની યાદી સરનામા સાથે બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. સીઈઓએ કહ્યું કે રાજ્ય સરકારો કે કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રશાસકો દ્વારા અધિકૃત ડૉક્ટરો કે ચિકિત્સા સંસ્થાનો દ્વારા આપવામાં આવતા મેડિકલ સર્ટીફિકેટ જ રજિસ્ટ્ર્ડ બેંક શાખાઓમાં સ્વીકારવામાં આવશે.

આ યાત્રા માટે મેડિકલ સર્ટીફિકેટ અનિવાર્ય છે કારણ કે ગુફા ખૂબ જ ઊંચાઈ પર સ્થિત છે અને યાત્રા કઠીન છે. કુમારે કહ્યું, યાત્રા-૨૦૨૧ માટે ૧૫ માર્ચ બાદ આપવામાં આવેલા મેડિકલ સર્ટીફીકેટ જ માન્ય ગણાશે. રજિસ્ટ્રેશન કરાવવા માટે જે પગલાઓનું પાલન કરવાનું રહેશે, તેના વિશે જાણકારી બોર્ડની વેબસાઈટ પર આપવામાં આવી છે. તેઓએ કહ્યું કે, તેમાં આધાર શિબીરો સુધી પહોંચવાની પ્રાસંગિક જાણકારી, રજિસ્ટ્રેશન માટે ચાર્જ, ટટ્ટુ, પાલખી અને પોર્ટર્સના ચાર્જ પણ સામેલ છે. કુમારે કહ્યું કે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના કે ૭૫ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ૬ સપ્તાહથી વધુ ગર્ભવતી મહિલાઓને આ વર્ષની યાત્રા માટે કોવિડ-૧૯ માપદંડો મુજબ રજિસ્ટ્રેશન નહીં કરાવી શકાય. તેઓએ કહ્યું કે યાત્રા માટે સપ્તાહના પ્રત્યેક દિવસ અને માર્ગો માટે પરમિટ અલગ-અલગ હશે.




હિન્દુ સનાતન ધર્મના અને તેજસ્વી અભ્યાસુ વકતા શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠનો સૌપ્રથમવાર ગોધરાની શારદામંદિર ખાતે વકત્વ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. તેઓ દ્વારા ગોધરાનુ નામ ગો-ધરા તરીકે ઓળખ આપવા માટે અભિયાન છેડવા જણાવ્યુ હતુ. એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા ના સંવર્ધકો ધારાશાસ્ત્રી પરીમલ પાઠક, અસીત ભટ્ટ, પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ કુ.કામિનીબેન ગોપાલસિંહ સોલંકી, સાંસદ રતનસિંહ રાઠોડ,લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, સાવલી ધારાસભ્ય જીગરભાઈ ઈમાનદાર સહિત હિન્દુ રક્ષક પ્રજા પંચમહાલ તથા મહિસાગરમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. જો કે કાર્યક્રમ પુર્વે તેજાબી વકતા શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ દ્વારા ગોધરા રેલ મથકે ખડકાયેલ સાબરમતી એસ-૬ રેલ ડબ્બાની મુલાકાત લઈને મૃતાત્માઓને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

# મહીસાગરમાં વધુ ૧૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૨૩૨૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તા.૨૮-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં ૨૩૨૪ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૧૪૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૮ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૭ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૧૪૪૯૩૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૯૨ દર્દી હોમ આઇસોલેશન, ૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૧૭ દર્દીઓ સ્ટેબલ અને ૧૦ દર્દીઓ ઓકિસજન પર અને ૦૫ વેન્ટીલેટર પર છે.

# સંતરામપુરમાં વાંઝીયાખુટ ગામમાં લાઈટની સુવિધાનો અભાવ : ૩૦ વર્ષથી ફાનસના સહારે

સંતરામપુર,
દેશ હાલ ડિજીટલ યુગમાં ચાલી રહ્યો છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં લાઈટની સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. મહિસાગરના સંતરામપુર તાલુકામાં વાંઝીયાખુટ ગામના ડબુડી ફળિયાના ગ્રામજનો આઝાદી પછી પણ આજદિન સુધી લાઈટ સુવિધાઓથી વંચિત રહી અંધારા ઉલેચી રહ્યા છ. લોકો લાઈટ ન હોવાને કારણે ઘણી મુશ્કેલી વેઠી રહ્યા છે. જેમાં ખાસ કરીને મહિલાઓને સંધ્યાકાળ પહેલા જમવાનુ તૈયાર કરી દેવુ પડતુ હોય છે. તેમના બાળકોને વાંચન અને અભ્યાસ માટે એક ફળિયાથી બીજા ફળિયા સુધી ૩ કિમી ચાલીને બીજાના ઘરે લાઈટમાં વાંચન કરવા જવુ પડતુ હોય છે. જેથી ફળિયાના રહિશોએ એમજીવીસીએલ તથા ઉચ્ચકક્ષા સુધી લેખિતમાં રજુઆત કરી હોવા છતાં આજદિન સુધી લાઈટ માટે સુવિધા પુરી ન પાડતા હાલ તંત્ર જાગી લાઈટની સુવિધા પુરી પાડે તેવી ગ્રામજનોની માંગ છે.

# રાજેસ્થાનને જોડતી પાટવેલ બોર્ડરથી ઝાલોદને જોડતો માર્ગ ડબ્બટ્રેક કરવા રજુઆત

ફતેપુરા,
રાજ્યમાં જીલ્લા પંચાયત તાલુકા પંચાયત મહાનગર પાલિકાઓની ચુટણી પૂર્ણ થતા ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાયો છે વિજય થતાં ઉમેદવારોએ સતાની કમાન સંભાળી ત્યારે સૌનો સાથ સોવનો વિકાસના મંત્રને લઈને ચાલતા ઉમેદવારોઓ પ્રજાના દિલ જીતવા વિકાસના કમો શરૂ કરો છે ફતેપુરા તાલુકાની મોટીરેલ જીલ્લા પંચાયત સીટ પર થી ચુટાઇ આવેલ મહિલા સભ્ય ભારતીબેન મહેનદ્રભાઇ પારગીએ ઝાલોદ થી વાયા ગરાડુ માધવા થઇ ફતેપુરા થી રાજસ્થાનને જોડતી પાટવેલ બોર્ડર સુધીનો ડબ્બટ્રેક રસ્તો બનાવવા તાલુકાનુ ફતેગઢી તળાવ રીપેરકરી તેમજ પૂર્વ પટ્ટીના તળાવો માં પાણી ભરી સિચાઇનું પાણી આપવા માટે રાજયના મુંખ્યમંત્રી વિજય રૂપાણી,પાણી પુરવઠા મંત્રી, દાહોદના સાસંદ જસવતસિહ ભાભોર, મંત્રી બચુભાઇ ખાબડ, દાહોદ કલેકટર, જીલ્લા વિકાસ અધિકારીને માગ કરી જીલ્લા પંચાયતની સામાન્ય સભા મા વિકાસ માટે પ્રશ્નો ઉઠાવ્યા છે સલરા જીલ્લા પંચાયતના એ પણ ઝેર મહાકાળી ધામના વિકાસમાટે પ્રયાસો શરૂ કરી સલરા જીલ્લા પંચાયત સીટ મા તળાવો ભરવા અને નળ સે જળ યોજના અંતર્ગત નળ કનેકશન આપવા સરકાર મા રજુઆત કરી છે.

# કાલોલના બોરૂની મુવાડી ગામે ખેડૂતનું હૃદય રોગના હુમલાથી મોત


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ તાલુકાના બોરૂની મુવાડી ગામની સીમમાં આવેલ અંદરખવાળા ખેતરને ખેડુતે એક લઘુમતી કોમના ખાતેદારને થોડા સમય પહેલા વેચાણ કરેલ પંરતુ આ અંદરખવાળા ખેતરનો કબજો બોરૂ ગામના બીજા એક ખેડુત પાસે હોવાનું જાણવા મળેલ. વેચાણ લીધેલા ખેતરમાં લઘુમતી કોમના વ્યક્તિએ અંદરખવાળા ખેતરમાં શનિવારે રાત્રે ટ્રેક્ટર લઈને ખેડવા માટે પહોંચી ખેતરમાં ખેડ કરતાં બોરૂ ગામનાં કબજેદાર ખેડુત નરવતભાઈ ચંદુભાઈ સોલંકી (ઉ.વષે-૬૦) પોતાના કબજામાં આવેલ ખેતરમાં ટ્રેક્ટરનું લાઈટ જોતાં ખેતરમાં દોડી ગયાં હતાં. અચાનક કોઈ કારણસર નટવરભાઈ ખેડેલ ખેતરમાં ખેડાણવાળી જગ્યાએ બેભાન અવસ્થામાં પડેલ હતાં. આમ આવી હાલતમાં બેભાન પડેલાં નટવરભાઈના મોટાં દિકરા રામસીંગ તેમજ ત્યાં હાજર એવાં ફારૂક ઈસ્માઈલ દાઉદ તેમજ અન્ય બે વ્યકિત ફોર વ્હીલર ગાડીમાં કાલોલ લઈ ને આવ્યાં હતાં. જ્યાંથી તેમણે પરેશભાઈ સહિતનાં આવેલ સંબંધીઓ સૌપ્રથમ ખાનગી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ રેફરલ હોસ્પિટલ ખાતેનાં તબીબી અધિકારી દ્વારા નટવરભાઈનું અવસાન જાહેર કર્યું હતું. મૃતકનું પોસ્ટમોર્ટમ કરી રવિવારને ફાગણ સુદ પૂનમને હોળીના દિવસે પોતાના ઘર પરીવારને અંતિમવિધી માટે મૃતકની બોડી સોંપવામાં આવી હતી. હોળી જેવા પવિત્ર તહેવારના દિવસે દુઃખદ બનાવથી પરીવાર અને બોરૂની મુવાડી ગામમાં શોકનો માહોલ સર્જાયો હતો. જોકે હોળીના પવિત્ર તહેવારને લઈને મૃતક પિતાનાં દેહની અંતિમવિધી મસાલ અને ઢોલથી વાજતે ગાજતે પુત્રો અને પરિવારજનો દ્વારા પુણે કરવામાં આવી હતી.

# કાલોલ તાલુકામાં હોળી-ધુળેટીના તહેવાર પર કડક પોલીસ બંદોબસ્ત

કાલોલ,
ફાગણ સુદ પૂનમ સમગ્ર વિશ્વમાં હોળીના તહેવાર તરીકે ગામેગામ અને શહેરમાં આનંદ માનતાં હોય છે. ફાગણ સુદ પૂનમ નાં દિવસે ઘઉની સેવ, ધાણી-ચળા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ગાયનાં છાણાં, લાકડાને એકત્રિત કરી હોલીકા દહનની પુંજા અચેના કરી તેને રાત્રીના સમયે પ્રગટાવી તેના દશેન કરી આનંદ માણતાં હોય છે.જયારે હોળીના બીજા દિવસે ધુળેટી મનાવાય છે. ધુળેટી નાં દિવસે નાનાં-મોટા સૌ ગુલાલ, રંગ દ્વારા એકબીજા સાથે રંગ બે રંગી બની આનંદ ઉત્સાહ મળાવતા હોય છે. પરંતુ આ બે દિવસ નાં તહેવાર માં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોય છે. જ્યારે આવાં બે દિવસ નાં તહેવાર ને લઈને કાલોલ તાલુકામાં ડી.વાય.એસ.પી.-૧, પી.એસ.આઈ.-૨, પોલીસ કોન્સ્ટેબલ-૩૩, એસ.આર.પી.-૪, હોમગોડ આને જી.આર.ડી. ૮૫૦ મળી કુલ-૧૨૫ પોલીસ સ્ટાફ નો તૈનાત કરવામાં આવી છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિ પુણે રીતે તહેવારોનો લોકોમાં આનંદ ઉત્સાહ જળવાઈ રહે.

# લુણાવાડા APMC શાકભાજી માર્કેટમાં અસામજિક તત્વોની દાદગીરી સામે આવેદન

મલેકપુર,
લુણાવાડા શાકભાજી માર્કેટમાં અસામાજિક તત્વોની દાદાગીરી બાબતે એ.પી.એમ.સી.ચેરમેનને આવેદનપત્ર આપ્યુ છે.

ખેડુત અગ્રણિ અમીતભાઈ પટેલની આગેવાનીમાં ખેડુતોએ એ.પી.એમ.સી.ચેરમેનને આવેદનપત્ર આપી જણાવ્યુ હતુ. લુણાવાડા ખેતી ઉત્પન્ન બજાર સમિતિમાં ખેડુતો માલ વેચવા આવે ત્યારે તેમને જોઈએ એવા ભાવ મળતો નથી. અહિંના વેપારીઓ બહારથી એટલે કે એમ.પી., ગોધરા, બરોડા, નડિયાદથી માલ લાવી વેચે છે. એટલે ખેડુતોને બેસાડી રાખી સસ્તા ભાવે માલ આપવો જ પડે તેવી મજબુરીમાં મુકી દેતા રહે છે. માર્કેટના વેપારીઓ ભેગા થઈને ખેડુતોને હેરાન કરે છે. લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે અને સાથે ખેડુતોએ આવેદનપત્ર આપી કાર્યવાહીની માંગ કરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૯-૦૩-૨૦૨૧, સોમ, ફાગણ વદ-પડવો, ધુળેટી, સૂર્યોદય-૬-૩૫, સૂર્યાસ્ત-૬-૫૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૯.૦૩.૨૦૨૧ સોમવાર

મેષ રાશી (અ.લ.ઈ): જીવનસાથી સાથેનો સબંધ મધુર રહેશ, જુની ઉધરાણી મળશે. આજના દિવસે બીયતની બાબતે કાળજી રાખવી જરૂરી છે.
વૃષભ રાશી (બ.વ.ઉ): તમારું દાપત્યજીવન સુખમય રહેશે. પ્રવાસના કામકાજથી ફાયદો થશે અને નવા ધંધામાં માટે ઉત્તમ તકો મળશે.
મિથુન રાશી (ક.છ.ઘ): ભાઈભાંડુઓથી લાભ થશે. પરિવારમા શાંતિ જળવાઈ રહેશે. નાણાકીય લેવડ-દેવડમા કાળજી રાખવી.
કર્કરાશી :- (ડ.હ): ધન અને પરિવારનુ સારુ સુખ મળશે. ખોટા ખર્ચાઓમા સાવધાની રાખવી. કામકાજમા મહેનત પછી સફળતા મળશે.
સિંહ :- (મ.ટ): સ્વાસ્થ્યની બાબતમા સાચવવુ. ધંધા માટે સારો સમય ચાલી રહ્યો છે. સારા પરિણામો મળશે. ધાર્મિક કાર્ય કરવાથી લાભ થશે.
કન્યા :- (પ.ઠ.ણ): સ્વપ્નાઓને સાકાર કરવા ઉત્તમ સમય છે. આવકના નવા સ્ત્રોત મળશે. માનસીક શાંતિનો અનુભવ થશે. કૌટુંબિક સમશ્યાઓનુ સમાધાન થશે. પ્રતિસ્પર્ધીઓથી સાવધાની રાખવી.
તુલા :- (ર.ત): બીજાની વાતોથી ભ્રમીત ના બનશો. તમારા કામમા જ વિશ્વાસ રાખવો. જમીન મકાનને લગતા કાર્યોમા લાભ થશે.
વૃશ્ચિક :- (ન.ય): નાના ભાઈઓ, હાથ નિચે કામ કરતા સહયોગીઓથી લાભ થશે. સંતાનના અભ્યાસમા સુધારો જણાશે.
ધન :- (ભ.ધ.ફ.ઢ): જમીનને લગતા કામથી લાભ થશે. ભાગીદારો અને જીવનસાથીનો સહકાર મળશે. ભાગ્યોદય માટે ઉત્તમ સમય છે.
મકર :- (ખ.જ): આજે આપના ધીરજની કસોટી થશે. જે કામ કરી શકાય તેવા કામ જ હાથમા લેવા. નોકરીયાતને ઉત્તમ તક મળે.
કુંભ :- (ગ.શ.સ.ષ): પરિવારમા શુભ સમાચારથી ખુશીઓ વધશે. નોકરીયાતને કામમા મહેનત વધશે.
મીન :- (દ.ચ.ઝ.થ): નોકરીયોત ખોટા કારણોમા સંડોવાય નહિ તેનુ ધ્યાન રાખવુ. આજનો દિવસ ઉતાર ચઢાવવાળો રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં પોલીસે હોળી તહેવારમાં ૬ સ્થળેથી ૬.૯૫ લાખનો દારૂ ઝડપ્યો



દાહોદ,
દાહોદ જિલ્લામાં હોળી, ધુળેટીના તહેવારમાં વિદેશી દારૂનો ધંધો કરતાં બુટલેગરો અને હેરાફેરી કરતાં ઈસમો બેફામ બન્યાં છે ત્યારે પોલીસે આવા તત્વો ઉપર લગામ કસી વિતેલા ચોવીસ કલાકની અંદર ૦૬ જુદી જુદી જગ્યાએ પ્રોહી રેડ દરમ્યાન કુલ રૂ.૬,૯૫,૪૪૫ નો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. બે જેટલા ફોર વ્હીલર વાહનો પણ કબજે કર્યાં છે ત્યારે ઘણા બનાવોમાં બુટેલગરો તેમજ ખેપીયાઓ પોલીસને ચકમો આપી નાસી ગયાનું જાણવા મળી રહ્યું છે.

પ્રોહીનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના પાણીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૭મી માર્ચના રોજ એક હુન્ડાઈ ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો હતો તે સમયે નાકાબંધીમાં ઉભેલ પોલીસને જોઈ ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૨૮૮ કિંમત રૂા.૨૮,૮૦૦ તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૨૮,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી લીમખેડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના થેરકા ગામે બનવા પામ્યો હતો જેમાં થેરકા ગામે રૂઢી ફળિયામાં રહેતા રામસીંગભાઈ સુરતાનભાઈ કલારા અને વિદેશી દારૂનો જથ્થો પુરો પાડનાર ઈસમ એમ બંન્ને જણા આ સ્થળ પર રામસીંગભાઈના મકાનમાં વિદેશી દારૂનો ખુલ્લેઆમ વેપલો કરતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગતરોજ તેના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારતાં બંન્ને જણા પોલીસને જોઈ નાસી ગયાં હતાં. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો જોઈ પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસ મકાનમાંથી ૬૨ નંગ પેટીઓ જેમાં કુલ બોટલો નંગ.૨૧૧૨ કિંમત રૂા.૨,૬૬,૮૮૦ નો જંગી વિદેશી દારૂનો જથ્થો કબજે લઈ ઝાલોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે બનવા પામ્યો હતો જેમાં બૈણા ગામે નિશાળ ફળિયામાં રહેતા નટવરસિંહ શાંકાભાઈ બારીઆના મકાનમાં પોલીસે ઓચિંતો છાપો મારતાં પોલીસે નટવરસિંહની અટકાયત કરી હતી અને મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ અને બિયરની નાની મોટી બોટલો નંગ.૪૪૫ કિંમત રૂા.૫૪,૧૭૫નો પ્રોહી જથ્થો કબજે કરી ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો ચોથો બનાવ દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે બનવા પામ્યો હતો જેમાં ગલાલીયાવાડ ગામે રહેતો શંકરભાઈ કૈલાશભાઈ સાંસી પાસેથી પોલીસે મીણીયાના થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂની બોટલો નંગ.૧૬૦ કિંમત રૂા.૨૭,૧૮૦ના પ્રોહી જથ્થા સાથે શંકરભાઈને દાહોદ તાલુકા પોલીસે ઝડપી પાડી પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો પાંચમો બનાવ દાહોદ તાલુકાના ખંગેલા ગામે બનવા પામ્યો હતો જેમાં ખંગેલા ગામે મોટા ફળિયામાં રહેતા લીલાબેન જોગસીંગભાઈ મેડા અને જોગસીંગભાઈ પીદીયાભાઈ મેડા આ દંપતિ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગતરોજ ઓચિંતો છાપો મારતાં લીલાબેન પોલીસને હાથે ઝડપાઈ ગયાં હતાં જ્યારે જોગસીંગભાઈ મેડા પોલીસને ચકમો આપી નાસી ગયાં હતાં. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૮૧ કિંમત રૂા.૩૯,૯૫૦ ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત દંપતિ વિરૂધ્ધ કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો છઠ્ઠો બનાવ ઝાલોદ તાલુકાના મોટી હાંડી ગામે બનવા પામ્યો હતો જેમાં મોટીહાંડી ગામે ધામણખોબરા ફળિયામાં રહેતા બાબુભાઈ બચુભાઈ નીનામાએ પોતાના મકાનમાં વિપુલ પ્રમાણ વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદાથી રાખ્યો હોવાની બાતમી પોલીસને મળતાં પોલીસે ગતરોજ તેના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારતાં બાબુભાઈ પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ પેટીઓ નંગ.૫૫ બોટલો નંગ.૧૯૮૦ કિંમત રૂા.૨,૭૮,૪૬૦ નો પ્રોહી જથ્થો કબજે લઈ લીમડી પોલીસે ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી તેના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

## દાહોદ જીલ્લામાં કોરોના સંક્રમણને હોળીમાં મેળાવડા અને વાણિજ્ય પ્રવૃત્તિ પર પ્રતિબંધ

દાહોદ,
દાહોદ જિલ્લામાં હાલ દિનપ્રતિદિન કોરોના સંક્રમણના કેસો કુદકેને ભુસકે વધી રહ્યાં છે. આવા સમયે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના સંક્રમણ પર કાબુ મેળવવા માટે મેળાવડા યોજવા તેમજ રવિવારે વાણિજ્ય પ્રવૃતિઓ ચાલુ રાખવા પર પ્રતિબંધ સહિત અનેક નિર્ણયો લઈ રહ્યાં છે ત્યારે આજે દાહોદ જિલ્લામાં સોશીયલ મિડિયામાં વાઈરલ થયેલ એક વિડિયોને પગલે જાણે કોરોના કોરોના ગાઈડ લાઈનના છડેચોક ધજાગરા ઉડતાં હોય તેમ લાગી રહ્યું છે. આ વિડિયો છે દાહોદ જિલ્લા પંચાયતનો. દાહોદ જિલ્લા પંચાયતની કચેરીમાં છુટથી હોળી રમ્યા બાદનો આ વિડીયો એક તબીબે ઉતાર્યો હતો અને જિલ્લા પંચાયતમાં રમવામાં આવેલ હોળી દરમ્યાન કલર જમીન પર વેરાયેલા હતાં તેનો સંપુર્ણ વિડીયો ઉતારી શોસિયલ મીડીયામાં વાઈરલ કર્યો હતો અને વિડીયોમાં આ તબીબે એમ પણ જણાવ્યું હતું કે, આ મામલે ઉચ્ચસ્તરીય રજુઆત કરવામાં આવશે.

દાહોદ જિલ્લા પંચાયતમા આમ તો રજા હતી પરંતુ કોરોનાને કારણે જુજ કર્મચારીઓ હાજર હતા.ત્યારે છુટતી વખતે ઉજવણીના ઉન્માદમા આવા કેટલાક કર્મચારીઓએ હોળી રમી સરકારની માર્ગદર્શિકાની ઐસી તૈસી કરી દેતા ઘણા પ્રશ્નારથો સર્જાયા છે.

દાહોદ જિલ્લા પંચાયતમાં ચોથો શનિવાર હોવાથી રજા હતી જો કે, કોરોના કાળ હોવાથી આવશ્યક સેવા સાથે જોડાયેલા કર્મચારીઓ ફરજ પર રજા હોવા છતા હાજર હતાં.

રવિવારે હોળી છે પરંતુ આ વખતે કોરોનાને કારણે ધૂળેટી રમવા પર સરકારે સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દીધો છે તેમ છતાં દાહોદ જિલ્લા પંચાયતમા શનિવારે છૂટતી વેળાએ છૂટથી હોળી રમી હતી. તેના પુરાવા રૂપે આખી લોબીમા વિવિધ રંગ વેરાયેલા છે ત્યારે કાયદા શૂ માત્ર પ્રજા પુરતા જ મર્યાદિત છે તેવા સવાલો ઉઠી રહ્યા છે. તેનો વિડીયો એક તબીબે જ વાયરલ કરયો છે.

ચુંટણીઓમાં નેતાઓને કોરોનાના કાયદા નડતા નથી,આવા સરકારી બાબુઓને કોવિડ ની માર્ગદર્શિકા નડતી નથી ત્યારે બે ત્રાજવે ન્યાય કરતી સરકારે હવે પ્રજા સાથે અન્યાય બંધ કરવા જોઈએ તેવા સૂર વ્યક્ત થઈ રહ્યા છે.

## દે.બારીઆ શહેરમાં બાઈક ચોર ટોળકી સક્રિય : પોલીસ નિષ્ફળ

દે.બારીઆ,
દે.બારીઆ શહેરમાં હજુ તો એક સપ્તાહ પહેલા આઈસર ટેમ્પો કોઈ ચોરી લઈ ગયો તેની શાહિ સુકાઈ નથી ત્યારે શનિવારની રાત્રિને લગભગ ત્રણેક વાગ્યાના અરસામાં ત્રણ બાઈક ચોરાઈ હોવાનુ માલુમ પડ્યુ છે. એક બાઈક કાદરી ફળિયામાં બે બાઈક વિશ્વાસ ફળિયામાંથી સ્ટિયરીંગ લોક તોડી ચોરી જતાં ફળિયાના યુવાાનએ તરત જ સીસીટીવી ફુટેજ ચકાસવાના પ્રયત્નો કર્યા હતા ત્યારે ભે દરવાજા રોડ ઉપર ચોરી કરેલી બાઈક લઈને નીકળતા સવારે ૪ કલાકે યુવાનોએ તેની પાછળ પાછળ પાનમ નદીના પુલ ઉપર બીજી બાઈકો ચોર દેખાયા તે બાઈક મુકીને ફરાર થઈ ગયા હતા.ત્રણ બાઈકોમાંથી એક બાઈક ચોર ટોળકી મેદરા ચોકડી ઉપર મુકી નાસી ગયા હતા. દે.બારીઆ પોલીસ બાઈક ચોરી રોકવામાં નિષ્ફળ નીવડી છે. દારૂ, જુગાર, બેટિંગ તેમજ ખનીજ ચોરીના હપ્તા ઉઘરાવવામાં મશગુલ છે. ત્યારે બાઈક ચોર ટોળકી સાથે મેળાપીપણા તો થઈ નથી ને ? તેવુ આમ જનતામાં ચર્ચાઈ રહ્યુ છે.

## દાહોદમાં ગાંધી ચોક ખાતે હોળી દહન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
હોળીના પાવન અવસરે દાહોદ શહેરમાં ઠેરઠેર હોળીનું દહન કરવામાં આવ્યું હતુ વર્ષોથી દાહોદ શહેરમાં પ્રથમ હોળીનું દહન ગાંધી ચોકથી થાય છે અને ત્યાંથી મસાલ લઈ વિવિધ વિસ્તારોમાં હોળિકાનું દહન કરવામાં આવે છે.

શહેરના ગાંધી ચોક ખાતે પ્રથમ હોળીકા દહન સાંજે ૭:૧૫ કલાકે થયું હતું ત્યાંથી વિવિધ વિસ્તારોના લોકો દ્વારા ગાંધી ચોક હોળીમાંથી મસાલો લઈ પોતપોતાના વિસ્તારમાં હોળી પ્રગટાવી હતી આ વખતે ઠેરઠેર વૈદિક હોળીનું પણ દહન કરવામાં આવ્યું છે. દાહોદ શહેરના ગોવિંદ નગર, દેસાઈવાડ, ગોદીરોડ, પરેલ વિસ્તાર, પ્રસારણ નગર, ગોધરા રોડ, સ્ટેશન રોડ, નગરપાલિકા વિગેરે અનેક વિસ્તારોમાં હોળીનું દહન કરવામાં આવ્યું હતુ હોળીનાં બિજા દિવસે ધૂળેટીના તહેવારમાં એકબીજાને રંગ લગાવી ધુળેટીના તહેવારની પણ શહેરવાસીઓ ધામધૂમથી ઉજવણી કરશે પરંતુ હાલ કોરોના મહામારીમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર પાડેલા નિયમોનુસાર આ બંને તહેવારોની ઉજવણી કરવામાં આવે તેઓ જાહેર જનતાને અનુરોધ સાથે સાથે અપીલ પણ કરવામાં આવી રહી છે. આ બંને તહેવારોમાં શહેરવાસીઓ સોશિયલ ડીસ્ટન્સ, માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરે અને ટોળું ભેગું ના થાય તેની પણ તકેદારી રાખવા વહીવટી તંત્ર દ્વારા જણાવાયુ છે.

## દાહોદ જીલ્લામાં ૨૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
આજે હોળીનો તહેવાર અને બીજી બાજુ કોરોના સંક્રમણના કેસોમાં પણ આજે વધારો જોવા મળ્યો હતો. આજે એકસાથે ૨૧ કોરોના દર્દીઓની સંખ્યામાં વધુ વધારો નોંધાતાં તહેવાર ટાળે લોકોમાં અંદરો અંદર કોરોના સંક્રમણને લઈ ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો.

આજે પોઝીટીવ આવેલ ૨૧ કોરોના કેસોમાં ૧૧ કેસો તો દાહોદ અર્બન વિસ્તારમાંથી સામે આવ્યાં છે. આ જોતા લાગી રહ્યું છે કે, ગ્રામીણ વિસ્તારો કરતાં શહેરી વિસ્તારો અને તેમાંય ખાસ કરીને દાહોદ શહેર વિસ્તારમાં દિન પ્રતિદિન કોરોના વકરી રહ્યો છે તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય. આ બાબત દાહોદ શહેરવાસીઓ માટે ચિંતાનો વિષય તો છે જ પરંતુ ફરજીયાત માસ્ક, સોશીયલ ડિસ્ટન્સ અને સેનેટરાઈઝરનો રાબેતા મુજબ ઉપયોગ કરવામાં આવશે તો આવનાર દિવસમાં દાહોદવાસીઓ પણ કોરોના સંક્રમણથી બચી શકશે. બીજી તરફ આજના ૨૧ કેસોમાં દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ અર્બનમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૪, લીમખેડામાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૧ અને સંજેલીમાંથી ૦૧ કેસની સમાવેશ થાય છે. કોરોના સંક્રમણના કેસોમાં વધારાની સાથે સાથે સાજા થતાં દર્દીઓમાં પણ વધારો થઈ રહ્યો છે. લોકો સાજા થઈ હોસ્પિટલમાંથી રજા લેતાં પણ જોવા મળ્યાં હતાં ત્યારે આજે ૧૨ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી પરંતુ ચિંતાનો વિષય એ પણ છે કે, એક્ટીવ કેસોની સંખ્યામાં પણ રોજેરોજ વધારો થઈ રહ્યો છે. આજના ૨૧ કેસોના સમાવેશ સાથે એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૧૫૭ને પાર થઈ ચુંકી છે. આજે હોળી અને આવતીકાલે ધુળેટીનો તહેવાર હોઈ દાહોદ જિલ્લાવાસીઓ આ બંન્ને તહેવારો કોરોના ગાઈડ લાઈનના અનુસાર ઉજવણી કરે તેવી તંત્ર દ્વારા પણ અગાઉ અપીલ કરવામાં આવી હતી.

## ફતેપુરામાં હોળી પર્વની ઉજવણી કરવા માટે આવતા મંજુર વર્ગને પોલીસ દ્વારા વિતરણ



ફતેપુરા,
ફતેપુરા તાલુકા માં દિન પ્રતિ દિન એક પછી એક કોરોનાના કેસો વધી રહ્યા છે વધતા જતા કેસોને લઈને રાફડો ફાટયો છે ફતેપુરા મા દર પંચીસ ઘર ના અંતર વચ્ચે બે પાંચ કેસો જોવા મળી રહ્યા છે ગામમા પંચીસથી વધુ કેસો એકટીવ જોવા મળી રહ્યા છે કોરોના કેસો પોઝેટીવ આવતા મોટી સંખ્યા મા લોકો પોતાની જાતેજ ખાનગી હોસ્પીટલો મા એડમીટ થઈ કરોનાની સારવાર લઈ રહ્યા છે વધતા જતા કેસોને લઈને નગર મા ભય નો માહોલ ફેલાયો છે ત્યારે બીજી તરફ હોળી ના દિવસે પણ હોળી કરવા બહાર ગામથી મંજુર વર્ગ આવતો જોવા મળયો હતો માસ્ક વિના આવતા લોકોને પોલીસે માસ્ક આપી માસ્ક પહેરવાની અપિલ કરી વધતા કોરોનાને અટકાવવાના પ્રયાસો કયો હતા.

## ગરબાડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષની ગાડી રિવર્સ મારતા ફુગ્ગા વેચતી શ્રમજીવી મહિલાને ઈજાઓ

ગરબાડા,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષની દાહોદ શહેરમાં પાર્ક કરાયેલી ગાડી રિવર્સ થતાં ફુગ્ગા વેચી રહેલી એક મહિલા ગાડીની અડફેટે આવી જતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનાને પગલે સ્થળ પર ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અને મહિલાને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવા તજવીજ હાથ ધરાઈ હતી.

દાહોદ શહેરના ગોધરા ખાતે કાળકા મંદિર પાસે ગરબાડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષની પાર્ક કરેલી ગાડીની પાછળ કેટલાંક ફુગ્ગાવાળા ફુગ્ગાઓ વેચવા બેઠા હતા. ત્યારે ગાડી રિવર્સમાં જતાં ફુગ્ગા વેચી રહેલી એક મહિલા ગાડીને અડફેટમાં આવી જતા તેને શરીરે ઈજાઓ પહોંચી હતી. ત્યારે ઘટનાને પગલે સ્થળ પર આસપાસના લોકો ઉમટી પડ્યા હતા. અને મહિલાને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડી અને પોલીસને જાણ કરતા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા તજવીજ હાથ ધરી છે.

## સંજેલી-દાહોદ રોડ સાઈડના ઝાડી-ઝાંખરા હટાવી રસ્તો પહોળો કરવા માંગ

દાહોદ,
સંજેલીથી ભાણપુર કરંબા લીમડી થઈ દાહોદ તરફ જવાના મુખ્ય માર્ગ પર પરના ઝાડી–ઝાંખરાઓ દુર કરી રસ્તો પહોળો કરવાની ગ્રામજનો સહિત સરપંચના પતિ દ્વારા માંગ કરવામાં આવી છે. વાહનચાલકો માટે જોખમરૂપ સમાન રસ્તા ભાણપુર ક્રોસિંગથી ભાણપુ સુધી બે કિમીના સિંગલપટ્ટીના માર્ગ પર ઠેર ઠેર ગાંડા બાવળના અને અન્ય વૃક્ષોને કારણે વાહનચાલકો માટે આ માર્ગ પર કોઈ મોટી ઘટના સર્જાય તે પહેલા જ ઝાડી–ઝાંખરાઓ દુર કરી રસ્તો પહોળો કરવાની વારંવાર રજુઆતો છતાં પણ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. કે જાણે કોઈ મોટી ઘટના બને તેની રાહ જોવામાં આવી રહી છે તેવી જાગૃત લોકોમાં ચર્ચાઓએ જોર પકડ્યુ છે. સંજેલીથી ક્રોસિંગ થઈ દાહોદ તરફ જવાના માર્ગ પર વરોડ ખાતે ટોલનાકુ નંખાતા ટોલનાકાથી ટોલટેક્ષથી બચવા સંજેલી સહિત આસપાસના ગામોના મોટાભાગના વાહનચાલકો જિલ્લા મથકે અવર જવર માટે આ શોર્ટકર્ટ અને સીધા રસ્તાનો ઉપયોગ કરે છે પરંતુ ભાણપુર ક્રોસિંગથી ભાણપુર સુધીના બે કિમીના માર્ગ પર વાહનચાલકો સિંગલપટ્ટી તેમજ આસપાસનો ઝાડી ઝાંખરાને કારણે ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. જેથી વહીવટી તંત્ર દ્વારા સત્વરે આ રસ્તાની આસપાસના ઝાડી ઝાંખરા દુર કરવામાં આવે તેમજ રસ્તો પહોળો કરવામાં આવે તેવી વાહનચાલકો તેમજ સ્થાનિક લોકોની માંગ ઉઠવા પામી છે.

## દાહોદ જિલ્લામાં ૧૦ દિવસમાં ૫૦ પ્રાથમિક શિક્ષકો કોરોના પોઝિટિવ થયા, સૌથી વધુ દેવગઢ બારીઆમાં ૧૭ શિક્ષકો કોરોનાનો ભોગ બન્યા

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોના વકરી રહ્યો છે. ત્યારે કોરોનાએ શિક્ષણ જગતને પણ ભરડામાં લીધુ હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે ૧૦ દિવસમાં જ સરકારી પ્રાથમિક શાળાઓના જિલ્લામાંથી કુલ ૫૦ શિક્ષક કોરોના પોઝિટિવ આવ્યા છે. હાલમાં ૧૪૮ જેટલા એક્ટિવ કેસ છે. દાહોદ જિલ્લામાં ૨૭ માર્ચ સુધીમાં કુલ ૩૦૭૬ દર્દી નોંધાઈ ચુક્યા છે. કોરોના અને કોરોના સહિતની બીમારીને કારણે ૧૦૨ વ્યક્તિઓના મૃત્યુ થયા છે. હાલમાં ૧૪૮ જેટલા એક્ટિવ કેસ હોવાનું સરકારી આંકડા જણાવે છે. ત્યારે કોરોનાએ દરેક ક્ષેત્રના લોકો અને કેટલાયે પરિવારોને સંક્રમિત કર્યા છે. કોરોનાના સપાટામાંથી શિક્ષણ જગત પણ બચી શક્યુ નથી. માધ્યમિક શિક્ષકો ભોગ બની રહ્યાં છે. તેની સાથે હવે પ્રાથમિક શિક્ષકો પણ કોરોનાનો ભોગ બની રહ્યાં છે. જિલ્લામાં ૧૬ થી ૨૬ માર્ચ સુધીમાં ૫૦ પ્રાથમિક શિક્ષકોને કોરોના થયો છે. જેમા સૌથી વધુ દેવગઢ બારીઆ તાલુકાના ૧૭, દાહોદ તાલુકાના ૧૨, લીમખેડા તાલુકાના ૪, ઝાલોદ તાલુકાના ૮ અને ધાનપુર, ફતેપુરા અને ગરબાડા તાલુકાના ૩–૩ શિક્ષકોનો સમાવેશ થાય છે.

## ૩૦ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરનાર મહિલાથી દાપુ વસુલવા શ્મશાનમાંથી શબ ઉંચકી લાવ્યા : પાંચ હજાર આપતા પિયર પક્ષે અંતિમ સંસ્કાર કરવા દીધો

દાહોદ,
છોટાઉદેપુરથી ૨૦ કિમી દુર આવેલા મધ્યપ્રદેશના નાનપુરના મોરી ફળિયાની ૫૫ વર્ષિય સનબાઈનુ નિધન થતાં શ્મશાનમાં અંતિમ સંસ્કારની વિધિ ચાલી રહી હતી. આ વખતે ધસી આવેલા સનાબાઈના પિયર પક્ષના લોકોએ ૩૦ વર્ષ પહેલા કરેલા દંડના ૫ હજાર રૂ.ની માંગણી કરી હતી. તેના કારણે વિવાદ થતાં પિયર પક્ષના લોકો શ્મશાનથી જ સનાબાઈનુ શબ ગાડીમાં મુકીને પોલીસ મથકે ધસી ગયા હતા. પોલીસ મથકે એક કલાક હોબાળો ચાલ્યા બાદ અંતે પતાવટના ભાગરૂપે સાસરી પક્ષના લોકોએ ૫ હજાર રૂપિયા આપતા પિયર પક્ષે અતિમ સંસ્કાર માટે શબ પાછો આપ્યો હતો. ૩૦ વર્ષ પહેલા સનબાઈએ પ્રેમ લગ્ન કર્યા હતા. ત્યારે રૂ.૫ હજારનુ દાપુ નક્કી કરાયુ હતુ. તે પિયરને અપાયુ ન હતુ. આ દાપુ લેવા અંતિર સંસ્કારમાં બાધા કરતા ચર્ચાનો વિષય બની હતી.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બાળક સહિત યુવકનું મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં માર્ગ અકસ્માતના બનેલા બે બનાવોમાં એક ૦૫ વર્ષીય બાળક અને એક ૧૯ વર્ષીય આશાસ્પદ યુવકની ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજતાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ઝાબ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૭મી માર્ચના રોજ એક મારૂતી ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતાં તે સમયે ઝાબ ગામે રસ્તાની બાજુમાં ઉભેલા કેટલાક વ્યક્તિઓ પૈકી એક ૦૫ વર્ષીય જૈમીન નામના બાળકને અડફેટમાં લઈ પોતાના કબજાની ગાડી લઈ નાસી જતાં ગંભીર ઈજાગ્રસ્ત જૈમીનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે દેવગઢ બારીઆ તાલુકાના કુવા ગામે તોરણ ફળિયામાં રહેતા પર્વતભાઈ ભોલવાભાઈ બારીયાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૭મી માર્ચના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ૧૯ વર્ષીય કરણભાઈ મહેશભાઈ સોલંકીને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં કરણભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં ઘટના સ્થળ પરજ કરૂણ મોત નીપજ્યું હતું. આ સંબંધે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઝાલોદમાં GST ની ટીમ સામે વેપારીઓ દ્વારા ઝપાઝપી કરાતા ફરિયાદ

ઝાલોદ,
દાહોદ જિલ્લામાં હાલમાં છેલ્લા એક સપ્તાહથી જી.એસ.ટી.વિભાગની ટીમે ધામા નાંખ્યા હતા. જી.એસ.ટી.વિભાગ વડોદરાના જોઈન્ટ કમિશનરના આદેશના પગલે સેન્ટ્રલ જી.એસ.ટી. એન્ડ કસ્ટમ વડોદરા–૨ કમિશનરેટમાં ફરજ બજાવતા ઈન્સ્પેકટરો સહિતની ટીમે ઝાલોદ નગરના વેપારી રિતેશભાઈ અગ્રવાલની દુકાનને સર્ચ માટે ગયા હતા. તે સમયે સર્ચ કરવા મુદ્દે વેપારીઓ અને જી.એસ.ટી. વિભાગના ઈન્સ્પેકટરો વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ વેપારીઓ ભેગા થઈ જતાં એકાએક ઝપાઝપી કરીને જી.એસ.ટી.ના ઈન્સ્પેકટરનો કોલર પકડીને ધમકી આપી હતી. જેને પગલે જી.એસ.ટી. ઈન્સ્પેક્ટરે વેપારી સુભાષ અગ્રવાલ, ગોપાલ અગ્રવાલ, રિતેશ અગ્રવાલ, અને ઘનશ્યામ અગ્રવાલ સામે સરકારી કામમાં ભંગ બદલ ગુનો દાખલ કર્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 183

## મોરવા હડફની પેટા ચૂંટણીને લઈ કોંગ્રેસ દ્વારા ઉમેદવારનું નામ જાહેર

# સાગવાડાના સરપંચ એવા સુરેશભાઈ કટારાની ઘોષણાથી આદિવાસી સમાજમાં આનંદ

- વિધાનસભા બેઠક માટે દાવેદારી કરનાર ૧૧ સંભવિત દાવેદારોના સેન્સ લેવાયા હતા.
- ૪ નિરીક્ષકો સમક્ષ આગેવાનોએ દાવેદારો સાથે કરી ચર્ચા કરી હતી.
- દરેક દાવેદારો અને તેમના સમર્થકો સાથે નિરીક્ષકો એ ચર્ચા કરી માહિતી મેળવી.
- અનેક નામોની પણ સંભવિત ઉમેદવાર તરીકે ચર્ચા બાદ યુવા ચહેરાને તક.

ગોધરા,

આગામી યોજાનાર મોરવા હડફ ની પેટા ચૂંટણીને લઈ કોંગ્રેસ આવી એક્શનમાં આવી છે ગત દિવસે વિધાનસભા બેઠક માટે દાવેદારી કરનાર સંભવિત ૧૧ દાવેદારો ના સેન્સ લઈ કરી ચર્ચા કરાઈ હતી. જેના પગલે કોંગ્રેસ દ્વારા સત્તાવાર આદિવાસી ઉમેદવાર તરીકે સુરેશભાઈ કટારાના નામની ઘોષણા કરવામાં આવતા આદિવાસી સમાજમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી.

મોરવા(હ) વિધાનસભા બેઠકના અપક્ષ પરંતુ કોંગ્રેસના મનાતા ધારાસભ્ય ભુપેન્દ્ર ખાંટ નું દેવ અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. અને સમયમર્યાદામાં ચુંટણી યોજવા માટે તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાઈને ફોર્મ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મોરવા(હ) વિધાનસભા બેઠકની પેટાચુંટણી અનુલક્ષીને ભાજપ અન કોંગ્રેસ દ્વારા સંભવિત ઉમેદવારોના સેન્શ લેવાઈ રહ્યા છે. ત્યારે આ બેઠક ઉપર કોંગ્રેસનો દબદબો જળવાઈ રહે તે માટે પેટા ચુંટણી જીતવા માટે કોંગ્રેસે પણ ફોકસ કર્યું છે. ચુંટણીને લઈને કોંગ્રેસ એકશનમાં આવીને સંગઠન મજબુત બનાવવા સાથે સંભવિત ઉમેદવારની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.ગત શુક્રવારે



કોંગ્રેસ દ્વારા આયોજિત બેઠકમાં હાજર નિરીક્ષકો પ્રભાબેન તાવીયાડ, નારણભાઈ રાઠવા, ઘનશ્યામભાઈ ગઢવી, ભગુરાજસિંહ ચૌહાણ સમક્ષ એક પછી એક સંભવિત ઉમેદવારો સાથે ચર્ચા વિચારણા કરીને ચુંટણી જીતવા માટે રણનીતિ તૈયાર કરવા સાથે સક્ષમ ઉમેદવારને પસંદગી માટે નામની પુછપરછ કરી હતી. કોંગ્રેસ પક્ષ તરફ થી આવેલા નિરીક્ષકો સમક્ષ ૧૧ જેટલા દાવેદારો એ ટીકિટની માંગણી કરી હતી. અને દરેક દાવેદારો અને તેમના સમર્થકો સાથે નિરીક્ષકો એ ચર્ચા કરી માહિતી મેળવી હતી. પેટા ચુંટણીની મોરવા(હ) બેઠક આદિજાતિ અનામત ફળવાઈ હોવાથી અને આ વિસ્તારના જાણીતા ચહેરાઓની સંભાવના વચ્ચે કોંગ્રેસ તરફથી અનેક નામોની પણ સંભવિત ઉમેદવાર તરીકે રહી ચર્ચા થઈ હતી. પરંતુ નિરીક્ષકો દ્વારા ચાર ઉમેદવારની પેનલ તૈયાર કરીને રણનીતિ સાથેનો અહેવાલ ગુજરાત પ્રદેશ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. અને હોળી તહેવારમાં ફાઈનલ ઉમેદવારના નામની જાહેરાત કરવાના ભાગરૂપે હોળીના દિવસે મોરવા(હ)તાલુકાના સાગવાડા ગ્રામપંચાયતમાં સરપંચ તરીકે ફરજ બજાવતા અને યુવા કોંગ્રેસ નેતા સુરેશભાઈ કટારાના નામ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવ્યુ હતુ. દિલ્હી રાષ્ટ્રિય સમિતિના અદયક્ષ સોનીયા ગાંધીના હસ્તાક્ષર સાથે મોરવા(હ) પેટા ચુંટણીના ઉમેદવાર તરીકે સુરેશભાઈ કટારાનુ નામ જાહેર થવાની સાથે આદિવાસી સમાજમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. જો કે અનેક નામોની ચર્ચાઓ વચ્ચે સંભવિત ઉમેદવારો દ્વારા પોતાના ગોડફાધર સમક્ષ રાજકીય લોબીંગ શરૂ કર્યું હતુ. પરંતુ આદિવાસી સમાજના પ્રતિનિધિ તરીકે યુવા ચહેરાને તક આપવામાં આવી હતી.

### ધારાસભ્યની બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ કટારાનું વ્યકિતત્વ

અત્રે તેઓના વ્યકિતત્વ પરીચય આપવામાં આવે છે તો આદિવાસી ભીલ સમાજના આ યુવા નેતા એચ.એસ.સી.પાસ થઈને ખેતીમાં વ્યવસાય કરી રહ્યા છે. ખેડુત તરીકે ખેતરમાં કામ કરનાર સુરેશભાઈ છેલ્લા ૨૫ વર્ષથી આ વિસ્તારમાં કોંગ્રેસના સક્રિય સભ્ય છે અને સાગવાડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કામ કરી રહ્યા છે. ગત ટર્મમાં તાલુકા પંચાયતની સુલિયાત બેઠક પરથી સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા તેઓની પત્નિ ગજરાબેન રજાયતા જિલ્લા બેઠક પરથી સેવા આપી રહ્યા હતા. તેઓના પિતા સ્વ.છગનભાઈ રામસિંહ કટારા છેલ્લા ૩ ટર્મ માટે તાલુકા પંચાયત ગોધરા, મોરવા(હ), તાલુકા પંચાયત સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. એક ટર્મ દરમિયાન સામાજિક ન્યાય સમિતિના અદયક્ષ તરીકે પણ કામગીરી કરી હતી.

#### ગોધરા રેલ્વે સ્ટેશને

## માલગાડીનો ખુલ્લો દરવાજો અથડાતા પાણીના ચાર પોલ નુકશાનગ્રસ્ત : મોટી દુર્ઘટના ટળતા સૌએ હાશકારો અનુભવ્યો

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર પ્લેટફોર્મ નંબર–૨ ઉપર પસાર થતી માલગાડીનો દરવાજો અચાનક ખુલી જતા ચાર જેટલા પોલ તુટી પડ્યા હતા. રેલ તંત્રે સમય સુચકતા વાપરતા મોટી દુર્ઘટના ટળી હતી. આ તુટેલ દુર્ઘટનાના પગલે રેલ્વે પોલીસ તથા રેલ અધિકારીઓ દોડી આવીને પુર્વવત સ્થિતિ બનવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



ગોધરા રેલ મથકે બપોરના સમયે પંજાબમાંથી ચોખાનો જથ્થો લઈને વડોદરા એફ.સી.આઈ.લઈ જવા માટે માલગાડી પસાર થઈ રહી હતી. અત્યંત વ્યસ્ત પૈકી ગોધરા રેલ મથકે પેસેન્જર અને માલગાડી ટ્રેનની અવર જવર રહે છે તેવા સમયે રવિવારે હોળીના દિવસે પસાર થઈ રહેલી માલગાડીનો દરવાજો અચાનક ખુલી ગયો હતો. આ ખુલેલો દરવાજો ધડાકાભેર પાણી પુરા પાડતા પોલ સાથે અથડાયો હતો. અચાનક પાણીનો પોલ અને ખુલેલા દરવાજા સાથે ધડાકાભેર અથડાતા ચાર પોલ જમીનદોસ્ત થયા હતા. એકીસાથે પાણી પુરવઠો પહોંચતા પોલ તુટી પડતાની જાણ થતાં ટ્રેન ડ્રાઈવર દ્વારા સમય સુચકતા વાપરીને માલગાડી થોભાવી દીધી હતી. આ અકસ્માતના પગલે રેલ તંત્રના અધિકારીઓ તથા ફરજ ઉપરના રેલ સુરક્ષા કર્મીઓ સ્થળે પહોંચીને દુર્ઘટનાની સમીક્ષા હાથ ધરી હતી. સાથે સાથે આ ચિંતાજનક દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન નોંધાતા હાશકારો વ્યાપ્યો હતો. આ ઉપરાંતની જાણ થતાં સ્ટેશન માસ્ટર આર.પી.એફ.પોલીસ સહિત સ્થાનિક રેલ્વે અધિકારીની ટીમ દોડી આવી હતી. ગોધરા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં–૨ ઉપર બનેલ દુર્ઘટનાને લઈને મુસાફર વર્ગમાં ચિંતાની લાગણી વ્યાપી ગઈ હતી. આ માલગાડીમાં પંજાબથી ચોખાનો જથ્થો ભરીને વડોદરા એફ.સી.આઈ.લઈ જવામાં આવી રહ્યો હતો. તે દરમિયાન દરવાજો ખુલ્લો રહેતા મોટી દુર્ઘટના બનતા અટકતા સૌએ હાશકારો અનુભવ્યો હતો. આ ઘટના સમયે પ્લેટફોર્મ ઉપરથી દહેરાદુનથી મુંબઈ જઈ રહેલ દહેરાદુન એકસપ્રેસ ટ્રેન ઉભી રાખવામાં આવી હતી. ઘટના સ્થળે હાજર રેલ્વે અધિકારી અભિષેક ત્રિપાઠી દ્વારા તમામ પરિસ્થિતિનો કયાસ કાઢીને સમિતિને અહેવાલ મોકલી અપાયો હતો.

## પંચમહાલ જિલ્લામાં આજરોજ ૨૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અને આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. ગોધરા શહેરમાં કોરોનાના કેસોમાં વધારો થયો છે. સાથે નવા સ્ટ્રેન સાથે કોરોના વધુ ઘાતક બન્યો છે.આજરોજ જિલ્લામાં ૨૭ પોઝીટીવ કેસો નોંધાવા પામ્યા છે.

પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના સંક્રમણ વધુ તેજ બન્યુ છે. કોરોના કેસ ગોધરા શહેરમાં રોકેટની ગતિએ વધી રહ્યા છે. તે જોતા સ્થિતિ આનાથી વધુ વકરે તે પહેલા લોકો માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને પોતે તેમજ પોતાના પરિવારને સંક્રમણથી બચાવવા જાગૃત રહેવુ જરૂરી છે. પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરમાં બીજા સ્ટ્રેનના કોરોના વાયરસ ઘાતક નીવડી શકે છે.કારણ કે કોરોના સંક્રમણ વધુ ઝડપી ફેલાઈ રહ્યો છે. સાથે કોરોના સંક્રમણને લઈ છેલ્લા ત્રણ દિવસમાં ગોધરા શહેરમાં કોરોના સંક્રમિત ૬ જેટલા વ્યકિતઓના મોત પણ નીપજયાં છે.

ગોધરા શહેર – ૧૬,
ગોધરા ગ્રામ્ય – ૦૨
કાલોલ – ૦૪
હાલોલ – ૦૫

પંચમહાલ જિલ્લા સહિત ગોધરામાં આજરોજ ૨૭ પોઝીટીવ કેસ નોંધાવવા પામ્યા છે. જયારે પોઝીટીવ સક્રિય દર્દીઓની સંખ્યા ૨૨૧ સુધી પહોંચી છે.વધી રહેલ કોરોના સંક્રમણના કેરને લઈ આરોગ્ય તંત્ર સતર્ક બન્યુ છે.

### ગોધરામાં કોરોના વકરતાં પાલિકા પ્રમુખ દ્વારા માસ્ક વિતરણ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા શહેરમાં કોરોનાના વધતા જતાં કેસોને લઈ વહીવટી તંત્ર સતર્ક બન્યુ છે ત્યારે પાલિકા પ્રમુખ અને સભ્યોએ કોરોના મહામારીને લઈ લોકો માસ્કના ઉપયોગ અવશ્ય કરે તેવા હેતુ સાથે પાંજરાપોળ ચાંચરચોક ખાતે માસ્ક વિતરણના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને લોકોને માસ્ક પહેરવા અપીલ કરી હતી.

પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના મહામારીના કેસમાં વધારો થયો છે. બીજા સ્ટ્રેનના કોરોના વાયરસ પહેલા કરતા ઝડપી રીતે લોકોમાં પ્રસરી રહ્યો છે. શહેરમાં વધતા જતાં કોરોના કોરોના કેસને વહીવટી તંત્ર સતર્ક અને ચિંતિત બન્યુ છે. ત્યારે ગોધરા નગરપાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની, નરીભાઈ રામનાની સહિતના સભ્યો દ્વારા પાંજરાપોળ ચાંચરચોક ખાતે માસ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ. પાલિકા પ્રમુખ દ્વારા નગરજનોને માસ્ક આપીને માસ્ક વગર ફરતા લોકોને માસ્ક પહેરવા માટે અપીલ કરી હતી. પાલિકા પ્રમુખ દ્વારા માસ્ક વિતરણ કરીને કોરોના મહામારીની ગંભીરતા માટે લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે.

### ગોધરા તાલુકાના નદીસર ગામમાં કોરોનાના કેસો વધતાં ફફડાટ

નદીસર,

સમગ્ર ગુજરાતમાં સાથે પંચમહાલ જિલ્લામાં માં પણ બે અઠવાડિયા થી કોરોના ના નવા કેસમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે ત્યારે હવે શહેરી વિસ્તારો સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેસ આવતા ગ્રામ્ય જનતામાં ચિંતા જોવા મળે છે.

ગોધરા તાલુકાના નદીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એન્ટી જન ટેસ્ટ માં સાત વ્યક્તિ કોરોના પોઝિટિવ આવ્યા છે તેમજ કાકણપુર ખાતે પણ છ વ્યક્તિ પોઝિટિવ આવતા ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ વધુ ફેલાવા ની શક્યતા વધી છે.

નદીસર તેમજ કાકણપુર ખાતે કોરોના પોઝિટિવ આવેલા તમામ વ્યક્તિ ઓને તંત્ર દ્વારા હોમ આઈસોલેટ કરી જરૂરી દવા અને સૂચનો આપવા આવ્યા છે કેસ આવતા જ નદીસર અને કાકણપુર ગ્રામ પંચાયત દ્વારા સંક્રમણ વધુ ન ફેલાઈ તે અંગે આગામી સમયમાં તકેદારી રાખવામાં આયોજન કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે.

ગોધરા તાલુકા ના પશ્ચિમ વિસ્તાર ના તમામ ગામો ને વહીવટી વ્યાપારિક અને સામાજિક સબંધો ગોધરા અને ખેડા જિલ્લાના સેવાલિયા ખાતે વધુ હોય ત્યાં વધુ માત્રામાં જોવા મળતા સંક્રમણ ના કારણે ત્યાં આવન જાવન કરતા વ્યક્તિ ઓને નિયમો પાલન કરવા સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા જણાવવા માં આવ્યું છે.

## કોમી એખલાસ વચ્ચે ગોધરાના પટેલવાડા વિસ્તારમાં હોળી દહન

ગોધરા,

ફાગણી પૂનમ ના દિવસે મનાવાય રહેલી હોળી અડગ શ્રદ્ધા ભકિત, વિશ્વાસ અને આશુરી શક્તિ પર દૈવી શકિત ના વિજય તરીકે આ રંગોત્સવ સમગ્ર ગુજરાત અને દેશ ના વિવિધ વિસ્તારોમાં ખુબ જ હર્ષોલ્લાશ સાથે મનાવવામાં આવે છે પરંતુ પંચમહાલમાં આ હોળીનો અલગ જ રંગ જોવા મળ્યો. ગોધરાકાંડ બાદ વિશ્વમાં કુખ્યાત બનેલ ગોધરામાં ભાઈચારા અને કોમી એકતાના માહોલમાં હોળી પ્રગટતી જોવા મળી.



ગોધરાનું નામ આવે એટલે પૂર્વગ્રહિત માનસિકતા ના વમળોમાં ગોધરાનો લોહિયાળ ઈતિહાસ નજર સમક્ષ તરી આવે અને એ સ્વાભાવિક પણ છે. પરંતુ છેલ્લા કેટલાક સમય થી સ્થાનિક નગરજનોના સ્વ પ્રયાસે અહીં ની વ્યાખ્યા બદલાયેલી જોવા મળે છે અહીં હવે હિન્દુ મુસ્લિમ નું નામ આવતા વિરોધ અને ઘર્ષણ નહિ પરંતુ સામુહિક ભાઈચારાના અને કોમી એકતા ના દર્શન થાય છે અને આવો જ નજારો જયારે આ હોળી પર્વ એટલે કે રંગોત્સવમાં જોવા મળે ત્યારે સમગ્ર માહોલ કોમી એકતા ના રંગે રંગાયેલો જોવા મળે છે.

છેલ્લા કેટલાક સમય થી ગોધરા ના પટેલવાળા વિસ્તાર કે મુસ્લિમ બાહુલ્ય ધરાવતો વિસ્તાર છે ત્યાં હિન્દુ મુસ્લિમ એક સાથે ભેગા મળી ને હોળી પર્વ મનાવે છે. અહીં બન્ને કોમના નગરજનો મોટી સંખ્યા માં હોળી પર્વને ભાઈચારા અને કોમીએકતા રંગે મનાવવા માટે એકઠા થાય છે ગોધરાના પટેલવાળા વિસ્તારમાં પ્રગટતી હોળી ના દર્શન કરવા મોટી સંખ્યા માં નગરજનો પણ ઉમટે છે.

આજરોજ પણ નિયત શુભ મુહૂર્તમાં કોમીએકતાની ઝાંખી કરાવતી ગોધરાના પટેલવાળા વિસ્તારની હોળી પ્રગટાવવામાં આવી અને હિંદુ મુસ્લિમ એકતાનું પ્રતીક મનાતી આ હોળીમાં એકઠા થયેલબંનેવ કોમના નગરજની એ એક બીજા ને હોળી પર્વે ખાસ વહેંચતા ધાણી ચણા અને ખજૂર એકબીજા ને ખવડાવી આ હોળી ના રંગોત્સવ ને મનાવ્યો હતો.

ગોધરા શહેરમાં આ હોળી ૨૦૦ વર્ષ પહેલાથી પ્રગટાવવામાં આવે છે અને અમારામાં રહેલા દુર્ગુણો ને અમે હોળી પ્રગટાવી તેમાં નાશ કરીએ છીએ અને આ હોળી ના દર્શન માટે હિંદુ મુસ્લિમ તમામ ભાઈ બહેનો આવે છે અને કોમી એકતાનું એક ઉદાહરણ પણ પૂરું પડીએ છીએ.

**જવાહર ત્રિવેદી, સ્થાનિક**

### કાલોલના અંબાલા ગામે છકડાની અડફેટે એક બાળકનું મોત

કાલોલ,

કાલોલ તાલુકાના અંબાલા ગામે ચોકડી પર ચાઈનીઝ ફુડ ખાવા ગયેલા બે ભાઈઓની સાયકલને છકડા ચાલકે અડફેટમાં લેતા નાનાભાઈનુ મોત નીપજયું હતુ. કાલોલ તાલુકાના અંબાલા ગામેથી અશ્વિન ચીકલીગર (ઉ.વ.૧૧)અને જીગર ચીકલીગર (ઉ.વ.૧૩) આ બે ભાઈઓ અંબાલા ચોકડી પર ચાઈનીઝ ફુડ ખાવા માટે ગયા હતા. જયાં તેઓ ફુડ ખાઈ ઘરે પરત ફરતા હતા. તે વેળાએ સામેથી ગફલતભરી રીતે હંકારી આવેલ છકડા ચાલકે સાયકલને અડફેટે લેતા બંને ભાઈઓ રોડ પર ફંગોળાયા હતા. જેમાં નાના ભાઈ અશ્વિન પર છકડાનુ ટાયર ફરી વળતા તેનુ સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. આ અંગે પરિવારજનોએ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત સર્જનાર ચાલક ભોલાભઈ વિનુભાઈ ચીકલીગર (રહે.અંબાલા)સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધુળેટીના પર્વને લઈ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ૧૪૪ લાગુ

પંચમહાલ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ધુળેટીના તહેવારને અનુલક્ષીને ૧૪૪ લાગુ કરેલ છે. જાહેર માર્ગો પર ટોળા થવા તેમજ કલર કે પાણીથી ધુળેટી રમવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જાહેર માર્ગો ઉપર અથવા સોસાયટીઓમાં લોકોને ભેગા થવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે જિલ્લાવાસીઓ કોરોના કાળમાં વહીવટી તંત્ર દ્વારા લોકોની આરોગ્યની ચિંતા સાથે લાગુ કરવામાં આવેલ ૧૪૪ની અમલવારી લોકો કરે તે જરૂરી છે.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

સમગ્ર દેશમાં એક સાથે રકતદાન દ્વારા ૯૦૦૦૦ યુનિટ રકત એકત્ર કરી ભારતનું નામ ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે નોમિનેટ થાય તે માટે વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત રકતદાન કેમ્પમાં રોટરી કલબ ગોધરાના સથવારે કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ.એસ. એકમ દ્વારા રેડ ક્રોસ ભવન ગોધરા ખાતે રકતદાન કરી માનવતાનું કાર્ય કર્યું છે. રકતદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે કોમર્સ કોલેજ ગોધરાના પ્રો.અરૂણસિંહ સોલંકી ઉપરાંત ડાં.શ્યામસુંદર શર્મા, આનંદ ઘડિયાળી, રોટરી કલબના પ્રમુખ અરવિંદભાઈ બારીયા, હોતચંદભાઈ ધમવાણી, કે ટી પરીખ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરામાં ફ્રન્ટ લાઈન વોરિયર્સ સહિત ૬૦ વર્ષ ઉપરનાને રસીકરણ

શહેરા,

શહેરા નગર અને તાલુકામાં કોરોના રસીકરણની પ્રક્રિયા ઝડપી બનાવામાં આવી છે. અત્યાર સુધીમાં તાલુકામાં ૧૭ હજાર ઉપરાંત ને કોરોનાની રસી મુક્વામાં આવી હતી. ફ્રન્ટ લાઈન વોરિયર્સ સહિત ૬૦ વર્ષથી ઉપરનાને પણ રસીકરણ ધરાવતા અને ૬૦ વર્ષથી ઉપરના લોકોને પણ રસી મૂક્વામાં આવી રહી છે. તાલુકામાં અત્યાર સુધીમાં ૧૭૮૨૫ લોકોને રસીકરણ કરવામાં આવ્યું છે. મુસ્લિમ કસ્બા પંચના પૂર્વપ્રમુખ અને વ્યવસાયે શિક્ષક એવા રસીદ ખાન પઠાણે શનિવારના રોજ કોરોનાની રસી મુકાવી પોતાના

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપરાંત સબ સેન્ટરો ખાતે પણ રસીકરણ ની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી રહી છે જેથી છેવાડાના માનવી ને પણ કોરોના રસીકરણ આપી શકાય, વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં દરેક આરોગ્ય કેન્દ્રો ખાતે એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને ધન્વંતરિ રથ દ્વારા સર્વેલન્સની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

**ડો.ભરત.ડી.ગઢવી, તાલુકા આરોગ્ય અધિકારી શહેરા**

કરવામાં આવ્યુ.

સમગ્ર ભારતમાં કોરોનાની બીજી લહેર જોવા મળી રહી છે.શહેરા સહિત સમગ્ર જિલ્લામાં કોરોના સંક્રમણ ના દર્દીઓની સંખ્યામાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. રોજબરોજ કેસોમાં થઈ રહેલા સતત વધારાના કારણે આરોગ્ય વિભાગમા ચિંતાનુ મોજું ફરી વળ્યું છે. નગર અને તાલુકા મથક ખાતે આવેલ રસિકરણ કેન્દ્ર ખાતે સરકારી કર્મીઓ સહિત ૪૫ થી ૬૦ વર્ષના અતિ ગંભીર બીમારી સમાજ તેમજ અન્ય સમાજના લોકોને પ્રેરિત કર્યા હતા.જ્યારે હિન્દુ સમાજના અગ્રાણીઓએ પણ કોરોના રસી મૂક્વા સાથે લોકોને કોવીડ–૧૯ના નિયમોનું પાલન કરવા અપીલ કરી હતી. કોરોનાના કહેર વચ્ચે તાલુકા વાસીઓએ પણ માસ્ક અવશ્ય પહેરીને ભીડભાડ હોય તેવી જગ્યા ન ઉભા રહીને કોવીડ ૧૯ ના નિયમોનું અવશ્ય પાલન કરવું જોઈએ તે અત્યંત જરૂરી હાલની પરિસ્થિતિ ને જોતા લાગી રહયુ છે.